(૩૦૧) ખાવા પીવાના આદાબ..

હદીસોમાં ખાવા પીવાના આદાબ વર્ણવવામા આવ્યા છે. આ આદાબો પર અમલ કરવાથી બરકત પ્રપ્ત થવામા મદદ મળે છે. **(૧)** ખાવા પહેલા પોતાના બન્નેવ હાથ ધોવા. હઝ.આઇશા રદી.થી રિવાયત છે કે જયારે આપ સલ.ખાવુ ખાતા અથવા પાણી પીતા તો પોતાના બન્નેવ હાથ ધોતા, કોઇ ઉઝર બીમારી અથવા ઝખમ હોય તેવી હાલતમાં ન ધોવાની ઈજાઝત છે. (નસાઈ.૨૭૫) **(૨)** ખાવુ હંમેશા જમણા હાથથી ખાતા (બુખારી શ.૧૫૩-૭૬) **(3)** ખાવું બેસીને ખાય આપ સલ.એ ઉભા ઉભા પાણી પીવાથી મના ફરમાવ્યું છે. (મુસ્લિમ શ.૨૦૨૫) **(૪)** ખાવું ભેગા મળીને ખાય એનાથી બરકત ઉતરે છે.(અબુદાઉદ: ૩૭૪૬) **(૫)** ઇતમીનાનથી બેસીને ખાવું ખાઓ ટેક લગાવીને ન ખાઓ.(બુખારી શ.૫૩૯૮) મુસ્તહબ તરીકો આ છે કે કાયદામાં બેસે અથવા જમણો પગ ઉભો રાખીને ડાબા પગ પર બેસે. **(૬)** ખાવામાં એબ (બુરાઇ-ખામી) ન કાઢે પરંતુ એ વિચારે કે આ પણ અલ્લાહની નેઅમત છે. (બુખારી શ.૩૫૬૩) **બાકી...**

(અલફુરકાન, ઉર્દુ-લખનઉ.ઓકટોબર-૨૦૧૯)

(૩૦૨) ખાવા પીવાના આદાબ..

(૭) વધારે ગરમ ખાવુ ન ખાવુ જોઇએ **(૮)** ખાવા પછી પ્લેટ અને આંગળીઓને સાફ કરી (ચાટી) લેવી જોઇએ (મુસ્લિમ શ.૨૦૩૨) **(૯)** લુકમો નીચે પડી જાય અને ખરાબ ન થયો હોયતો ઉઠાવીને ખાઇ લેવો જોઇએ, શૈતાન માટે ન છોડે (તિરમીઝી શ.૧૮૦૨)**(૧૦)** વધારે ડકાર (ઓડકાર) ન લે (તિરમીઝી શ.૨૪૭૮) **(૧૧)** ખાવા,પીવાની વસ્તુ પર ફુંક ન મારે અંદરથી આવનાર શ્વાસ ખરાબ અને દુષિત હોય છે. **(૧૨)** ખાતા ખાતા વચમા ઠઠ્ઠા મશ્કરી અને વધારે વાતો કરવાથી બચવું જોઇએ. **(૧૩)** જરૂરત વગર ખાવાને સુંઘવુ ન જોઇએ આ ખરાબ આદત છે **(૧૪)** રોટીથી આંગળીઓને કદી પણ સાફ ન કરે આ ઘણી ખરાબ આદત છે. **(૧૫)** પાણી ત્રણ શ્વાસમાં અટકી અટકી (થોભી)ને પીએ એનાથી જરૂરત પ્રમાણે પાણી પીવાય અને આરામ (સંતોષ) પણ થાય છે (૧૬) ખાવા પછી અલ્લાહની હમ્દ(તારીફ)કરે.(આદાબે ઝીદગી સ.૫૦)

(અલફુરકાન, ઉર્દુ-લખનઉ.ઓકટોબર-૨૦૧૯)

(૩૦૩) પરદાના અહકામનો સહાબિયાત પર અસર..

સહાબિયાત રદી. પરદાના હુકમ બાબતે એટલા બધા ચુસ્ત હતા કે ખુશીકે ગમીનો કોઇ પણ પ્રસંગ હોય તેના કારણે પરદાના હુકમ (અમલ) માં કોઇ કમી ન આવતી.

એક સહાબિયા ઉમ્મે ખુલાદ (રદિ.) ના પુત્ર શહીદ થઇ ગયા. તેઓ પરદા સાથે નકાબ પહેરીને હુઝુર (સલ.) ની ખિદમતમાં હાજર થયા,લોકોએ તેમને જોઇને કહ્યું કે દિકરાની શહાદતની હાલત પુછવા આવ્યા છો,આવી પરિસ્તિથીમાં આવો નકાબ પહેરીને? (લોકોને આવા મોકા પર પરદાની પાંબદી થી નવાઇ લાગી) તો તે સહાબિયા એ જવાબ આપ્યો કે મેં મારો પુત્ર ગુમાવ્યો છે,મારી શરમ અને હયા નથી ગુમાવી (શું બુંલદ હોસલા અને દીની જઝબા હતા તે હસ્તીઓના!) (અબુદાઉદ-ફીલ્જીહાદ)

આજ પ્રમાણે હજ જેવા પવિત્ર ફર્ઝ અદા કરવા દરમિયાન પણ પરદાની પુરી પાંબદી હતી. હઝ.આયશા (રદી.) ફરમાવે છે કે હજ્જતુલ વિદાઅના મોકા પર જ્યારે લોકો અમારી સામેથી પસાર થતા હતા તો અમારાચહેરા ઉપર ચાદર નાંખી દેતા હતા, અને જ્યારે લોકો પસાર થઇ જતા તો પછી અમો ચહેરો ખોલી નાંખતા હતા. (અબુદાઉદ-ફિલમનાસિક.) (અલબલાગ ઉર્દુ-કરાંચી,૨૦૨૧)

(૩૦૪)રાઝ (mystery,secret) ની હિફાઝત...

હુઝૂરેપાક સલ.એ ફરમાવ્યું જયારે કોઇ વ્યકિત કોઇ વાત તમારી સાથે કરે અને પછી તે આમ તેમ જુએ તો તે અમાનત છે,(એટલે કે તે વાતને અમાનતની જેમ સુરક્ષિત રાખો) (સુનને અબુ દાઉદ-ભાગ: ૨)

આજ કાલ આપણે અમાનત અને ઇમાનદારી ફકત તેજ વસ્તુને સમજીએ છીએ કે કોઇ વ્યકિત આપણી પાસે કંઇ પૈસા,ઘરેણાં મુકાવે અને તે માલ સામાન આપણે સંભાળીને રાખીએ અને જયારે તે માંગે તો તેને પરત કરી આપીએ - પરંતુ આ હદીસથી માલુમ પડે છે કે અમાનતનો અર્થ ખુબ વિશાળ છે,અમાનતનો મતલબ એ છે કે એક વ્યકિત બીજા ઉપર ભરોસો રાખીને તેની પાસે કોઇ માલ દૌલત મુકે અથવા કોઇ રાઝ(ભેદ- mystery,secret) વાત કહે કે પછી પોતાની અંગત પરિસ્થિતીથી વાકેફ કરે એવા વિશ્વાસ સાથે કે એના તરફથી મને કોઇ તકલીફ નહી પહોંચે,પછી કોઇ વ્યકિત આ વિશ્વાસ ઉપર પુરો ઉતરે તો આ ઇમાનદારી છે અને જો આ વિશ્વાસ વિરૂધ્ધ કરે તો એ ખયાનત (વિશ્વાસઘાત) છે. (અઝ: અલબલાગ-કરાંચી ૨૦૨૧)

(૩૦૫)કોઇના ઘરમાં ઝાંકવુ(peep)

રસુલે પાક સલ. એ ફરમાવ્યું જેણે ઈજાઝત મળવા પહેલાં પરદો ઉઠાવી (દરવાજોખોલી) કોઇના ઘરમાં નઝર નાંખી તો તે એવું છે કે તેણે ઘરની છુપી વસ્તુ જોઇ લીધી અને તેણે એવુ કામ કર્યુ જે તેના માટે હલાલ (જાઇઝ) નથી અને પછી જો અંદર ડોકીયું કરતી વખતે સામે થી કોઇ તેની આંખો ફોડી નાખે તો હું તેને કંઇ ન કહેતે(એટલેકે બદલો ન અપાવતે) અને અગર જો કોઇ એવા દરવાજાની સામેથી પસાર થયો જેના ઉપર પરદો ન હતો અને દરવાજો બંધ પણ ન હતો અને પછી ઘરવાળા પર નઝર પડી ગઇ તો તે માટે તેની કોઇ ભુલ નથી બલ્કે ઘરવાળાઓની ભૂલ છે (જામેઅ તિરમીઝી શ.)

એક અન્ય હદીસમાં છે કે હઝ.અનસ રદી.ફરમાવે છે કે નબીએ કરીમ સલ.પોતાના મકાન માં હતા, એક માણસે હુઝૂર સલ.ના મકાનમાં ઝાંકયું તો આપ સલ.એ તેની સામે તીર તાકયું તે પાછળ હટી ગયો. (તિરમિઝી શ.)

(અઝ: માહનામા અલબલાગ,કરાંચી-૨૦૨૧)

(૩૦૬) હુસ્ને સુલૂક(સારો વ્યવહાર) (condescendingness)

સારો વર્તાવનો મતલબ છે'નેકી અને ભલાઇનો વર્તાવ કરવો'અને બેહતર વ્યવહારથી પેશ આવવું. ઇસ્લામમાં એની એટલી અહમિયત છે કે સુ.નહલમાં અલ્લાહતઆલાએ ન્યાય અને ઇન્સાફનો હુકમ આપ્યા પછી એનો હુકમ આપ્યા કે
“બેશક અલ્લાહતઆલા તમને ન્યાય તથા એહસાન અને સગા સબંધીઓને આપવાનો હુકમ કરે છે” (સુ.નહલ,આ.૯૦-પા,૧૪)

સારા વર્તાવનો સંબંધ સૌ પ્રથમ પોતાની જાત સાથે જોડાયેલ છે,કે અલ્લાહતઆલાએ શરીર (તંદુરસ્તી) જે મોટી નેઅમત આપેલી છે એની સાથે યથાશકિત સારો વર્તાવ કરવામા આવે, અને એવો તરીકો ઇખ્તિયાર ન કરે જે બદનને કે બદનના કોઇ અંગને અથવા શરિરીક શકિતઓ અને સલાહીયતોને નુકસાન પહોંચાડનાર હોય. હુઝૂર સલ.એ ઈબાદતમાં પણ સખ્ત કષ્ટો અને તકલીફોને પસંદ નથી કર્યુ જેનુ પરિણામ શારિરીક તાકતોની બરબાદી માલૂમ પડે તો પછી બેકાર અને નિરર્થક કામોમા શરિરીક કષ્ટો કરવાની કેવી રીતે ઇજાઝત હોય? આવું કરવાવાળા હકીકતમાં શરીર અને જીવન સાથે ખરાબ વર્તાવ કરવાવાળા ગણાશે જેનો અલ્લાહ સામે જવાબ આપવો પડશે.(અઝ: માહનામા અલબલાગ,કરાંચી-૨૦૨૧)

: માહે મુબારકનુ આગમન :

રમઝાનુલ મુબારક ઇસ્લામી વર્ષનો સૌથી બરકતવંત અને પવિત્ર માસ છે. આ માસ ઈસ્લામના એક સૌથી અગત્યના અને ઈઝઝતવંત રૂકન (pillar) ના અદા કરવાનો માધ્યમ તથા મુસલમાનો માટે અલ્લાહપાકને રાજી કરવા અને અલ્લાહની નઝદીકી પ્રાપ્ત કરવાનો ખાસ મોકો હોય છે. આ માસને કુઑનપાકના નાઝિલ થવાના આરંભ તથા હઝાર માસથી વધુ બહેતર એવી લયલતુલ કદ્ર જેવી અમુલ્ય નેઅમત પ્રાપ્ત છે.

રમઝાનુલ મુબારકની સાચી કદર, તેનો હક અદા કરવાની ફિકર તેમજ આ કિંમતી દોલતને લૂંટવાના અને તેનાથી વધુમાં વધુ ફાયદો ઉઠાવવાની તરગીબ (પ્રોત્સાહન) અને યાદ અપાવવા (remind) માટે દરેક સમયમાં ઉમ્મતના વડીલો અને જે તે સમય ના બુઝર્ગોનો મઅમૂલ રહયો છે. જેના માટે કિતાબો અન લેખો લખ્યા છે જેની એક લાંબી શ્રેણી છે.

(અઝ કિતાબઃ હઝ.મૌ.ઝકરિયા સા.(ર.હ.) કે મઅમૂલાતે રમઝાન.)

: રમઝાનનો ઇન્તિઝાર :

બુઝુર્ગોને ત્યાં (હઝ.મૌલાના ઝકરીયા સા.રહ) માહે મુબારક રમઝાનુલ મુબારકનો એવો ઇન્તિઝાર અને તૈયારી, તેની કદર, તેના હકો અદા કરવાનો એહતેમામ અને તત્પરતા, ખાસ ઇબાદતો, ઝિક્ર તિલાવત અને ઇબાદતમાં એટલી વ્યસ્તતા (ધૂન) રહેતી કે એનો અંદાઝ જોઇને જ આવી શકે...આનો સંબંધ જોવાથી થઇ શકે ન કે કહેવાથી.

બુઝુર્ગોની તાબેદારી અને તરીકા પ્રમાણે હઝ.શેખ ઝકરીયા રહ.નો રમઝાનુલ મુબારકમાં મઅમૂલ (નિત્યક્રમ) ઇબાદત માટે ખાસ હતો. બધી જ અન્ય ઇલ્મી અને ગેરઇલ્મી પ્રવૃત્તિઓ એકદમ અટકાવી દેવામા આવતી. સંપૂર્ણ રીતે અલ્લાહતઆલા તરફ કેન્દ્રિત થઇ જવાનો રહયો છે. કેટલાક ચુનંદા મુરીદો(આરંભમાં માત્ર દસ બાર) ત્યા આવતા અને ઇબાદતમાં શામેલ રહેતા, રમઝાનના મુબારક દિવસોમાં તેમની હિંમત અડગતા, કુરબાની-ત્યાગભાવ, દુનયાથી બેપરવાઇ અને માનવ સેવાનો મોટો સબક જોવા મળે છે. કાશ આપણને પણ આવા ઉચ્ચ ગુણોમાંથી કઇંક હિસ્સો નસીબ થાય...! (જુઓ અકાબિરકા રમઝાન)

રોઝહ

ઇસ્લામનો ચોથો રૂકન રોઝહ છે, રમઝાન મહીનાના રોઝહ દરેક આકીલ-બાલીગ તંદુરસ્ત ઉપર ફરજ છે, વગર ઉઝરે છોડનાર ગુનેહાર અને ફાસિક ગણાય છે. કુરઆને મજીદમાં છે “અય ઇમાનવાળાઓ તમારા ઉપર રોઝહ ફર્ઝ કરવામાં આવ્યા છે જેવી રીતે કે તમારાથી પહેલાં (આગલી ઉમ્મત)ના લોકો પર ફર્ઝ કરવામાં આવ્યા હતા એ આશાએ કે તમે (રોઝહના પ્રતાપે) નઠારાં કામોથી (સદા) દૂર રહેનાર થઇ જાઓ.” (સુ. બકરહ) રોઝહ માત્ર આ ઉમ્મત ઉપર જ ફર્ઝ કરવામાં નથી આવ્યા, બલ્કે હઝરત આદમ (અલ.)થી લઇ આપ (સલ.) સુધી દરેક ઉમ્મતના લોકો પર ફર્ઝ રહયા છે પરંતુ તેની સંખ્યા અને દિવસોમાં ફેરફાર હતો, હદીસ શરીફમાં આપ સલ.એ ફરમાવ્યું કે જે કોઇ અલ્લાહના માટે એક દિવસનો રોઝો રાખે છે તો ખુદાતઆલા તેના સામેથી ૭૦ વર્ષના રસ્તા બરાબર દોઝખની આગ દુર કરી આપે છે, (મુસ્લિમ) એક હદીસમાં છે કે રોઝા રાખતા રહો, તંદુરસ્ત રહેશો.

સુબ્હે સાદિકથી લઇ સૂરજ ડૂબવા સુધી ખાવા-પીવા અને સોહબત છોડી દેવાને રોઝહ કહેવામાં આવે છે,ઓરતોએ હૈઝ અને નિફાસથી પાક હોવુ રોઝહ સહીહ થવા માટે જરૂરી છે. (હિદાયહ)

રમઝાનુલ મુબારકમાં આ મુબારક કલેમાત જેમ બને તેમ વધારે પઢતા રહેવું જોઇએ જે હદીસથી સાબિત છે. **“લા ઇલાહ ઇલ્લલ્લાહ. અસ્તગફિરૂલ્લાહ, અસ્અલુકલ જન્નહ - વ અઉઝુબિક મિનન્નાર.”** (બયહકી,સહીહ ઇબ્ને ખુઝૈમહ)

(અઝ કિતાબ અરકાને ઇસ્લામઃ-મુફ્તી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.)

રોઝહ ની નિય્યતઃ

રોઝહની નિય્યત સુબ્હે સાદિકથી લઇ નિસ્ફેનહાર (શરઇ અડધો દિવસ) થવા પહેલાં (સૂર્ય નમતા એક કલાક અગાઉ) નિય્યત કરી લેવું જરૂરી છે, રમઝાનના કઝા રોઝા અને નઝરે ગેર મુઐયન રોઝાની નિય્યત સુબ્હે સાદિકથી કરવું જરૂરી છે, સુબ્હે સાદિક પછી નિય્યત કરવાથી તે રોઝો સહીહ ગણાશે નહી. (હિદાયહ, ફતહુલ કદીર)

રોઝહ રાખવાની નિય્યતથી સેહરી ખાવી એ પણ નિય્યતના કાઇમ મુકામ છે, માટે જુબાનથી રોઝહની નિય્યત ન કરી હોય તો પણ રોઝો થઇ જશે, (જવહરએ નય્યિરહ, દુર્રે મુખ્તાર)

: જે કામોથી રોઝો તૂટી જઇ માત્ર કઝા લાગુ પડે છેઃ

(૧) જાણી જોઇ મોં ભરી ઊલ્ટી કરવી (૨) વુઝુમાં કુલ્લી કરતી વખતે વગર ઇરાદે ગળાથી નીચે પાણી ચાલ્યું જવું (૩) બીડી, સિગરેટ પીવી તેમજ અગરબત્તી કે લોબાનનો ધુમાડો લેવો (૪) દાંતમાં રહેલી કોઇપણ ચીજ ચણા જેટલી કે એથી મોટી હોય, ખાઇ જવી, અગર મોમાંથી બહાર કાઢી ખાઇ જશે તો ચણાથી નાની હશે તો પણ રોઝો તૂટી જશે, (૫) હુકનો (એનેમાં) લેવું (૭) રાત સમજીને સુબ્હે સાદિક પછી સેહરી ખાવી (૮) સુરજ ડૂબી ગયો સમજી રોઝો ઇફતાર કરી નાંખવું અને હજી સુરજ ગુરુબ થયો ન હતો. (૯)ભુલથી ખાઇ-પી લેવું અને એમ સમજીને કે રોઝો તૂટી ગયો છે જાણી જોઇ ખાઇ લેવું (૧૦) ઔરતને હાથ લગાડવાથી મની નિકળી જવું (૧૧) રમઝાન સિવાય બીજા દિવસોમાં જાણી જોઇ રોજો તોડી નાખવો. મજકુર દરેક બાબતોથી રોઝો તૂટી જઇ માત્ર કઝા લાગુ પડે છે. (અઝ કિતાબ અરકાને ઇસ્લામ)

રોઝાહ અને આધુનિક વિજ્ઞાન :

મુસલમાન માત્ર અલ્લાહનો હુકમ સમજીને તેની પ્રસન્નતા ખાતર રોઝા રાખે છે. સાથે જ રોઝાથી શારીરિક અને માનસિક તંદુરસ્તી પ્રાપ્ત થાય છે. હઝરત ઇબ્ને ઉમર રદી. નબી સલ.નું ફરમાન વર્ણવે છે. "સુયુતસિહહૂ" રોઝા રાખો, તંદુરસ્ત રહેશો. (તબરાની ૧૭૪/૮ બયહકી ૧૬૫/૭) રોઝા દ્વારા વ્યકિતના શરીર અને મન પર પડતી સકારાત્મક અસરો વિશેના સંશોધનોથી પ્રભાવિત થઇને આજે પશ્ચિમી દેશોમાં ઘણા લોકો સ્વાસ્થ્યના લાભો માટે રોઝા રાખે છે. અમેરિકા સહિત આજે પશ્ચિમી દેશોમાં ઘણાં લોકો સ્વાસ્થ્યના લાભો મેળવવા માટે રોઝા રાખે છે. અમેરિકા સ્થિત Dr.Mark P.Mattson એ તેમના સહયોગીઓ સાથે વર્ષોના સંશોધન બાદ રોઝા વિશે એક વિસ્તૃત સંશોધન લેખ રજૂ કર્યો હતો. તેમણે એવું સંશોધન કર્યુ કે રોઝા માણસની વયમર્યાદા તથા રોગપ્રતિકારક શકિત વધારે છે. ઉપરાંત તેનાથી મગજનું સ્વાસ્થ્ય સુધરે છે. રોઝા અલ્ઝાઇમર તથા પાર્કિન્સન (મગજનો રોગ) ના હુમલાથી બચાવે છે.

રોઝાહ અને આધુનિક વિજ્ઞાન :

સંશોધનોથી એ વાત સાબિત થઇ છે કે એક માસના રોઝાના લીધે શરીરના વજન અને ચરબીમાં નોંધપાત્ર ઘટાડો થાય છે. જે લાંબા ગાળે થતા હૃદયરોગ અને બ્લડપ્રેશર જેવા ઘાતક રોગોને નિવારવામાં અસરકારક નિવડે છે. જો કે આ લાભ પ્રાપ્ત કરવા માટે રમઝાનમાં રાત્રે પણ ઓછો ખોરાક લેવા પર ભાર મૂકયો છે, જે ઇસ્લામી તાલીમ મુજબ આવકાર્ય છે. રમઝાનમાં રાત્રે પણ પ્રમાણસર ખોરાક લેવાથી બુઝુર્ગોના મતાનુસાર અનેક રુહાની ફાયદા થાય છે.

અલ-અરબીયા ન્યુઝમાં પ્રકાશિત રાશા અદીબના લેખ "Top 4 incredible benefits of fasting in Ramadan" મુજબ આશ્ચર્યજનક નિશાની છે, તે આખા શરીરમાં શર્કરાનું પ્રમાણ જાળવે છે. રોઝા વડે આ શર્કરાનું પ્રમાણ જાળવવામાં મદદ મળે છે. આધુનિક સંશોધન મુજબ ડાયાબિટીસના જોખમમાં ખૂબ નોંધપાત્ર ઘટાડો થાય છે. ૧૯૯૪માં કાસાબલાન્કામાં "રમઝાન અને તંદુરસ્તી" વિષય પર મળેલી પ્રથમ આંતરરાષ્ટ્રીય સભામાં આ વિષય પર સૌથી વધુ સંશોધન લેખો રજુ થયા હતાં.

રોઝાહ અને સ્થૂળતા (fatness)

જાડાપણું અનેક રોગોને નોતરે છે. વૈજ્ઞાનિક સંશોધનોથી સાબિત થયું છે કે રોઝા વજન ઘટાડવામાં ખૂબ સહાયક નીવડે છે. રમઝાન માસમાં રોઝાના લીધે કેલેરીનો સંચય ઘટે છે. તે જાડાપણાને દૂર કરવામાં મદદ કરે છે. ડો.મેટસનના મત મુજબ રોઝા દ્વારા વજનના ઘટાડાની સાથે જ તેનાથી મગજની કાર્યશક્તિમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળે છે.

: રોઝા ટોક્સિન ઘટાડે છે:

વિવિધ પ્રકારના પોસેસ્ડ ખોરાકના લીધે શરીરમાં ટોક્સિન નામનું ઝેરી તત્વ પેદા થાય છે. આ ટોક્સિન ચરબીમાં ભળતું રહે છે. સતત એક માસના રોઝહ દરમિયાન શરીરની ચરબી પીગળવાથી શરીરમાં ટોક્સિનની માત્રામાં ખૂબ ઘટાડો જોવા મળે છે. ડો.એસ. સેલીજર અને ડો. હેન્સે તેમના સંશોધન લેખ "Is fasting healthy" માં આ અંગે ખૂબ રસપ્રદ તારણ રજૂ કર્યા છે.

આ મહિનામાં વિશ્વના તમામ મુસ્લિમો એક સાથે રોઝા રાખે છે. તેનાથી ગરીબો અને દુ:ખીજનો પ્રત્યે હમદર્દી, માનવ સમાનતા, ધીરજ, માનવપ્રેમ, સહાનુભૂતિ જેવા ગુણો ખીલી ઉઠે છે.

એઅતેકાફ :

રમઝાન શરીફના છેલ્લા દસ (૧૦) દિવસનો એઅતેકાફ સુન્નતે મુઅક્કદહ અલલ કિફાયહ છે. માટે શહેર અથવા ગામની દરેક મહોલ્લાની મસ્જીદમાં એઅતેકાફ સુન્નતે મુઅક્કદહ છે. અગર મોહલ્લામાંથી કોઇ પણ એઅતેકાફ નહી કરશે તો બધા સુન્નત છોડવાના ગુનેહગાર થશે. અને અગર મહોલ્લામાંથી કોઇ પણ એઅતેકાફ કરી લેશે તો બધા તરફથી સુન્નત અદા થઇ જશે. (શામી ૬૬૦/૧)

જે મસ્જિદમાં પાંચ વખતની નમાઝ જમાઅત સાથે અદા થતી હોય એવી મસ્જિદમાં એઅતેકાફ કરવું દુરૂસ્ત છે. માટે જે મસ્જિદ વેરાન હોય, નમાઝ થતી ન હોય એવી મસ્જિદમાં એઅતેકાફ કરવું દુરૂસ્ત નથી.ઓરતોએ પોતાના ઘરની મસ્જીદમાં એઅતેકાફ કરવો જોઇએ.(અગર ઘરમાં કોઇ જગ્યા મસ્જીદ તરીકે ન નક્કી કરી હોય તો ઘરનો કોઇ ખુણો એના માટે નિશ્ચિત કરી લે)

ઓરતો માટે ઘરમાં એઅતેકાફ કરવું વધુ આસાન છે, ઘરની વ્યક્તિઓ પાસે કામ પણ લઇ શકે છે અને એઅતેકાફનો સવાબ પણ હાસિલ કરી શકેછે. છતા પણ ઓરતો આ સુન્નતથી લગભગ મહરૂમ રહે છે માટે કોશીસ કરવી જોઇએ.

સદકએ ફિત્ર :

ગરીબ મુસલમાનો પાસે ખાવા પીવાનો સામાન પહોંચી જાય અને તેઓ પણ ઇદની નમાઝ શાંતિપુર્વક અદા કરી શકે તેમજ રોઝદારથી રોઝામાં જે કંઇ કુસુર થઇ ગયો હોય તેના કફ્ફારા માટે સદકએ ફિત્ર શરીઅતમાં વાજીબ કરવામાં આવ્યો છે. (અબુદાઉદ, ઇનાયહ) ઝકાતનો જે નિસાબ છે તેટલા નિસાબના માલીક ઉપર ઇદના દિવસે સુબ્હેસાદિક વખતે સદકએ ફિત્ર વાજીબ થાય છે. સોના, ચાંદી અને વેપાર માટેના માલ સિવાય પોતાની જરૂરતથી વધારે ફરનીચર, ઘર, પહેરવાના કપડાં હોય જેની વરસ કદરમિયાન કોઇ એકાદ વખત જરૂરત પડે છે, હંમેશ જરૂરત પડતી નથી અને સાડાસાત તોલા સોના અથવા સાડાબાવન તોલા ચાંદીની કિંમત બરાબર હોય તો એ માલ ઉપર સદકએ ફિત્ર તેમજ કુરબાની વાજીબ થાય છે. સદકએ ફિત્ર પોતાના તરફથી અને પોતાની નાબાલિગ ઔલાદ તરફથી અદા કરવું જરૂરી છે. (હિદાયહ)

બેહતર એ છે કે સદકએ ફિત્ર ઇદની નમાઝ માટે ઇદગાહ જતા પહેલા અદા કરવો જોઇએ, અગર કોઇ રમઝાનમાં અદા કરી આપે તો પણ અદા થઇ જાય છે. (દુર્રે મુખતાર ભા-૨)

સદકએ ફિત્રનું વજન :- એક સદકએ ફિત્ર પોણા બે કિલો ઘઉં એટલે લગભગ ૧ કિલો ૭૫૦ ગ્રામ ઘઉં અથવા એટલા ઘઉંની કિંમત આપવી.

ઇદની રાતની ફઝીલત :

હદીસ શ.માં છે: જે જાગતો રહ્યો ઇદુલફિત્ર અને ઇદુલ અદહાની રાતે તો એનુ દિલ મુર્દા નહી થાય એ દિવસે જે દિવસે દિલ મુર્દા થઇ જશે. એટલે કે કયામતના દિવસની ગભરાહટથી મહફુઝ રહેશે જે દિવસે કે લોકો કયામતની સખ્તીઓથી પરેશાન (વ્યાકુળ) હશે.

ઇદુલ ફિત્રની સુન્નતો:- (૧) ઇદનો ચાંદ જોઇને તકબીર પઢવાનુ શરૂ કરવું (કુરતુબી ૩/૪૭૯) (૨) તકબીર:- "અલ્લાહુઅકબર અલ્લાહુઅકબર લા ઇલાહ ઇલ્લલ્લાહુ વલ્લાહુઅકબર અલ્લાહુ અકબર વલિલ્લાહિલ હમ્દ" (ઇબ્ને અબી શયબા: ૫૬૫૨) (૩) ઇદુલ ફિત્રની નમાઝથી પહેલાં સદકએ ફિત્ર અદા કરવું (મુસ્લિમ શ. ૯૮૪) (૪) ગુસલ કરવું (બયહકી ૩/૨૭૮) (૫) (પોતાની પાસેના) સારા કપડાં પહેરવાં (બયહકી ૩/૨૮૧) (૬) ખૂશ્બુ લગાવવી અને મિસ્વાક કરવું (ઇબ્ને માજહ -૧૦૯૮) (૭) ઇદુલ ફિત્રની નમાઝથી પહેલા એકી સંખ્યામાં ખજુરો ખાવી. (બુખારી શ. ૯૫૩) (૮) ઇદુલ ફિત્રની નમાઝ માટે ઇદગાહ જવું (બુખારી શ. -૯૫૬) (૯) ઇદગાહ ચાલીને જવું (તિરમિઝી – ૫૩૦) (૧૦) પોતાના દોસ્તો અથવા રિશ્તેદારો સાથે ઇદગાહ જવું (ઇબ્ને ખુઝયમહ – ૧૪૩૧) (૧૧) ઘરથી ઇદગાહ જવા સુધી તકબીર પઢવું (બયહકી – ૩/૬૬૯) (૧૨) ઇદની નમાઝ માટે એક રસ્તા પરથી જવું અને બીજા રસ્તા પરથી આવવું (બુખારીશ.–૯૮૬) (૧૩) ઇદુલ ફિત્રની મુબારકબાદી આ અલફાઝમાં આપવી "તકબ્બલલ્લાહુ મિન્ના વ મિન્ક" અલ્લાહતઆલા અમારા અને તમારા તરફથી કુબુલ ફરમાવે. (ફતહુલ બારી – ૨/૫૧૭)

માહે શવ્વાલ :

આ ઇસ્લામી વર્ષનો દસમો મહીનો છે. હદીસ શ.માં છે "જે માણસે રમઝાનના રોઝા રાખ્યા એના પછી શવ્વાલ ના છ રોઝા રાખ્યા તો એ માણસ એવો છે જેમ કે એણે આખા વર્ષના રોઝા રાખ્યા. (મુસ્લિમ, અબૂદાઉદ, તિરમિઝી, નસાઇ, ઇબ્ને માજહ)

અલ્લાહતઆલાની આદત પોતાના નેક બંદાઓ સાથે એ છે કે જયારે કોઇ નેક કામ કરે છે તો એને એ નેકીથી દસ ગણો વધારે સવાબ આપે છે. કુર્આનેમજીદમાં છે "મન જા-અ બિલ્હસનતિ ફલહૂ અશ્રુ અમ્થાલિહા... જે માણસ એક નેકી કરશે તો એને દસ ગણો સવાબ મળશે." (પા -૮) આ કાયદાથી રમઝાનના ત્રીસ રોઝાનો સવાબ ત્રણસો રોઝાના બરાબર થયો. જો કોઇ શવ્વાલના છ રોઝા રાખી લે તો એનો સાઠ (૬૦) રોઝાના બરાબર સવાબ થઇ ગયો, વર્ષના કુલ ૩૬૦ દિવસ થાય છે આ રીતે મળીને કુલ રોઝાનો સવાબ આખા વર્ષના બરાબર થઇ ગયો.

આ હદીસથી શવ્વાલના રોઝાની ફઝીલત સારી રીતે સ્પષ્ટ થાય છે. આ રોઝાનો રમઝાનના રોઝાથી એવો સંબંધ છે જેમકે ફર્ઝ નમાઝોનો તેના પછીની સુન્નતોનો હોય છે.

શવ્વાલના રોઝા વિષે હુકમ એ છે કે રોઝા લગાતાર રાખવાની જરૂરત નથી, આ મહીનામાં છ રોઝા પૂરા થઇ જવા જોઇએ. અલબત્ત કોઇ પોતાની સહુલત માટે લગાતાર રાખે તો કોઇ વાંધો નથી. (અઝ: મુફતી ઇસ્માઇલ વાડીવાલા સાહબ. રહ.)

રમઝાન તકવો પ્રાપ્ત કરવાનો માસ

તકવો એટલે પોતાના પાલનહારનાં હુકમોને પુરા કરવુ અને મના કરેલ વસ્તુઓથી અટકી જવું. અલ્લાહતઆલાની સામે આખિરતના હિસાબકિતાબ થી ડરવુ કુર્આન શરીફમાં સુ.બકરહ આ.૨૮૩ માં રાઝાનો મૂળભૂત હેતુ એજ રજુ કરવામાં આવેલ છે.

તકવા ના ફાયદા

(૧) જેને કામયાબી અને હેતુની પરિપુર્ણતાની ઇચ્છા હોય તે તકવો ઇખ્તિયાર કરે (સુ.બકરહ-૨૮૩) (૨) જે વ્યકિત એમ ઇચ્છતા હોય કે તેના માટે ઝમીન અને આકાશના કામયાબીના દરવાજા ખુલી જાય તે તકવો ગ્રહણ કરે (સુ.અઅરાફ-૯૬) (૩) જે રોઝીની શોધમાં હોય તે તકવો ધારણ કરે. (સુ.તલાક-૪) (૪) જે વ્યકિત ગુનાહો ની માફી અને અલહતઆલાનો ફઝલ (કૃપા) ઇચ્છતો હોય તેના માટે જરૂરી છે કે તે તકવો ઇખ્તિયાર કરે. (સુ.અન્ફાલ-૪૯) (૫) જે અલ્લાહતઆલાનો વલી બનીને દરેક પ્રકારના ગમ અને ડર થી મુકત રેહવા માંગે તે તકવો ગ્રહણ કરે. (સુ.યુનુસ ૬૩-૬૪) તકવાના આ ફાયદાઓ પ્રાપ્ત કરવા માટે રમઝાન મુબારકનાં રોઝા શ્રેષ્ઠ માર્ગ છે. કારણ કે કુરઆન શરીફ માં અલ્લાહનુ ફરમાન છે હે ઇમાનવાળાઓ ! તમારા ઉપર રોઝહ ફર્ઝ કરવામાં આવ્યા છે જેવી રીતે કે તમારાથી પેહલા (આગલી ઉમ્મત) ના લોકો પર ફર્ઝ કરવામાં આવ્યા હતા, એ આશા એ કે તમે (રોઝહ ના પ્રતાપે) નઠારા કામોથી (સદા) દુર રેહનાર થઇ જાઓ. (સુ.બકરહ.૧૮૩) અઝ કલમ: મો.ઇલ્યાસ સા.ગઢા, ઉસ્તાદે હદીષ-મદ્રસહ દઅવતુલ ઇમાન માણેકપુર ટકોલી.

રમઝાનુલ મુબારકમાં આ મુબારક કલેમાત જેમ બને તેમ વધારે પઢતા રહેવું જોઇએ જે હદીસથી સાબિત છે.

لَآاِلٰهَ اِلَّا اللّٰهُ، اَسْتَغْفِرُ اللّٰهَ، اَسْاَلُکَ الْجَنَّةَ
وَاَعُوْذُبِکَ مِنَ النَّارِ. (بیہقی، صحیح ابن خزیمہ)

"લા ઇલાહ ઇલ્લલ્લાહ. અસ્તગ્ફિરૂલ્લાહ, અસ્અલુકલ જન્નહ - વ અઉઝુબિક મિનન્નાર."

(બયહકી, સહીહ ઇબ્ને ખુઝૈમહ)

રમઝાનુલ મુબારકના અંતિમ દાયકાની તાક (એકી) રાતોમાં આ દુઆ પઢતા રહેવાની ખાસ તરગીબ આપવામાં આવી છે.

اَللّٰهُمَّ اِنَّكَ عَفُوٌّ تُحِبُّ الْعَفْوَ فَاعْفُ عَنِّیْ ط

"અલ્લાહુમ્મ ઇન્ન-ક અફુવ્વુન તુહિબ્બુલ અફ્વ ફઅફુ અન્ની" (અય અલ્લાહ! બેશક તુ મુઆફ કરવાવાળો છે, માફ કરવાને પસંદ કરે, જેથી તુ મને માફ કરી આપ) (તિરમિઝી, ઇબ્ને માજહ) (દારૂલ ઇફતાઃ જામિઅહ ઇસ્લામીયહ બિન્નોંરી ટાઉન, કરાંચી)

(...) ઇદની રાત્રે તહજુદ નો એહતેમામ

હઝ. અબુ હુરૈરાહ (રદી.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યું "તેમની ઉમ્મતના રોઝદારોની છેલ્લી રાત્રે બખશીસ થઇ જાય છે" પુછયુકે અલ્લાહના રસુલ સલ.શું તે લયતુલ કદ્ર છે? રસુલૂલ્લાહ સલ.એ ફરમાવ્યુંકે નહિ,બલ્કે કામ કરનાર ને જયારે પોતાનુ કામ પુરુ કરે છેતો તેને તેજ વખતે પુરેપુરુ મહેનતાણુ આપી દેવામાં આવે છે (મિશ્કાત શ.૧૭૪)

ઇદની રાત એટલેકે ચાંદ રાતને **"લયલતુલ જાએજહ"** અર્થાતઃ- **ઇનઆમ ની રાત** પણ કહેવામાં આવે છે એટલામાટે ઇદની રાત્રે મરદોએ મગરીબ ઇશાં અને ફઝરની નમાઝ જમાઅત સાથે અદા કરવાની પાબંદી કરવી જોઇએ અને તહજુદ વખતે તહજુદની નમાઝ તથા શકિત ૮,૪,૨ પઢવામાં આવેતો આ ઇનઆમની રાતમાંથી ખુબ મોટો હિસ્સો પ્રાપ્ત થઇ જશે.

(૩૦૮) રિશ્તેદારી (નજીકના સંબંધ) તોડવાના સાત નુકસાનો

(૧) અલ્લાહતઆલાની લઅનત (Curse) ના હકદાર બને છે..(૨) દુનિયા અને આખિરતમાં એવા લોકો માટે મોટી ખરાબી છે (૩) દુનિયા અને આખિરતમાં નુકસાન એમનુ ભાગ્ય બને છે..(૪) જન્નતમા દાખલો ન મળવાની વઇદ (ધમકી) સંભાળવામાં આવે છે (૫) આસમાનના દરવાજા એમના માટે બંધ રહે છે (૬) એમના સાથે બેસવાવાળા પણ રહમતથી દૂર કરી દેવામાં આવે છે (૭) શબે બરાઅત,શબેકદ્ર અને પૂરો રમઝાન અલ્લાહતઆલાની રહમત અને મગિફ્રતથી મહરૂમ રહે છે.

સિલારહમીનો ન્યૂનતમ અને સર્વોચ્ચ દરજ્જો

સિલારહમીનો અદના દરજ્જો આ છે કે દિલમાં રિશ્તેદારો (સગાવહાલા) વિશે બુરાઇ ન હોય હંમેશા એમના હકમાં દુઆ કરવામાં આવે અને એમનાથી સલામ મુલાકતનો તઅલ્લુક બાકી રાખવામા આવે. સર્વોચ્ચ દરજ્જો આ છે કે એમના સંબંધ તોડવા અતિરેક કરવા છતાં એમનાથી તઅલ્લુક બાકી રાખવામાં આવે. **અલ્લાહતઆલા અમલની તૌફીક અતા ફરમાવે.આમીન.**

(૩૦૭) દ્દષ્ટિ (vision) ગુમાવવા પર સબરનો અજર

હઝ.અબુહુરૈરહ રદી.મરફુઅ હદીસે કુદસી નકલ ફરમાવે છે કે અલ્લાહતઆલા ફરમાવે છે કે “હું જે બંદાની બે મહબુબ ચીઝો (બન્નેવ આખોની રોશની) લઇ લઉ છું અને તે આ આજમાઇશ (કસોટી) પર સબ્ર કરે અને મારાથી સવાબની ઉમ્મીદ રાખે તો હું એના માટે જન્નતથી ઓછા પર રાજી નહી થઇશ.” (જામેઅ તિરમીઝી,ભાગ-૨)

તશ્રીહ:-બદનની મઅઝુરી અને કોઇ અવયવ (અંગ) ના મઅઝૂર અને બેકાર થઇ જવુ ઘણી મોટી તકલીફ અને દુ:ખની વાત છે પરંતુ બંદાના માટે સબ્રના સિવાય બીજો કોઇ ઉપાય નથી,જો અલ્લાહની ખુશીમાં રાજી રહીને એના પર સબ્ર કરી લે તો તે મજબૂરી એના છુટકારાનો સબબ (નિમિત્ત)બની શકે છે,અને જે ઇન્સાન આ વાતનો ખ્યાલ પોતાના અંદર પૈદા કરી લે તો મોટી થી મોટી મુસીબત પણ હલ્કી થઇ જશે,કે પોતાની મુસીબતને નઝર સમક્ષ રાખીને આ વિચારે કે મારા પર આ મુસીબત આવી છે એનાથી મોટી પણ આવી શકે છે પરંતુ અલ્લાહતઆલાએ એનાથી બચાવી લીધો, દા.ત. એક આંખના જતા રહેવાથી બીજી આંખના બાકી રહેવા પર શુક્ર અદા કરે,બન્નેવ આંખોના જતા રહેવા પર બાકી અંગોની સલામતી પર શુક્ર અદા કરે-એક બચ્ચાની મૌત પર બીજા બચ્ચાની સલામતી પર શુક્ર અદા કરે.. એવી રીતે સબ્ર કરવુ આસાન થઇ જશે અને શુક્ર અદા કરવાનો મોકો પણ મળશે. (અલબલાગ ઉર્દુ-કરાંચી)

(૩૦૯) સુલેહ (reconcile) કરાવવાની ફઝીલત

રસુલૂલ્લાહ સલ.એ ફરમાવ્યુંકે શું હું તમને રોઝહ,નમાઝ અને સદકાનો ઉચ્ચ અને અફઝલ (શ્રેષ્ઠ) દરજો ન બતાવું? સહાબએ કિરામ રદિ.એ જવાબ આપ્યો, એ અલ્લાહના રસુલ સલ. શા માટે નહી!

હુઝૂરે પાક સલ.એ ફરમાવ્યું ઝઘડાવાળા ઓમાં સુલેહ(સમાધાન) કરાવવુ અને એથી વિરૂધ્ધ ઝઘડનારાઓ વચ્ચે (તારીમારી કરીને વધારે) ફિત્નો કરાવવો આ બધા અમલોને બરબાદ કરી આપે છે. (સુનને અબુદાઉદ)

એક હદીસમાં રસુલેપાક સલ.એ ફરમાવ્યું કે"મુસલમાનો વચ્ચે સુલેહ (સમાધાન-to reconcile) કરાવવું જાઇઝ છે અલબત્ત એવુ સમાધાન જેમાં હરામને હલાલ કે હલાલને હરામ કરવામાં આવે તે જાઇઝ નથી મુસલમાન પોતાની શરતો પર કાયમ રહે,પરંતુ કોઇ એવી શરત જે હલાલને હરામ અને હરામને હલાલ કરી આપે તે જાઇઝ નથી (જામેઅ તિરમીઝી) (અઝ: અલબલાગ,ઉર્દુ કરાંચી-૨૦૨૧)

(૩૧૦) ખામોશી (silent) મૂકિતનો માર્ગ

રસુલૂલ્લાહ સલ.એ ફરમાવ્યું કે "જે વ્યકિત ખામોશ (silent) રહયો તેણે મૂકિત મેળવી

(મિશ્કાત શ.૪૩૧)

આ સૌથી મુખ્તસર હદીસ શરીફમાં એક નાનકડા વાકય બલ્કે ત્રણ શબ્દો પર આધારિત છે, પરંતુ તેમાં દુનિયા અને આખિરતની મૂકિત (સલામતી) નો માર્ગ બતાવી આપવામાં આવ્યો છે, કે જો ઇન્સાન વ્યર્થ (ફૂઝૂલ) બોલવાની આદત છોડી આપે અને જયાં સુધી થઇ શકે ખામોશી ઇખ્તિયાર કરી લે તો દુનિયામાં ફિત્નાઓ (સમસ્યાઓ) થી અને આખિરતમાં ગુનાહોથી તેનો છૂટકારો થઇ જાય છે "જે ચૂપ રહયો તેણે છૂટકારો મેળવ્યો" (અલબલાગ ઉર્દૂ,જામેઆ કરાંચી)

Being Silent: The path of liberation

The Prophet S.A.W. said that, "He who is silent, get liberated." (Mishkat Shareef-431)

In this most concise Ahadith shareef, a short sentence is based on three words, but it shows the way to get liberated (safety) from world & the life here after. If a person gives up the habit of speaking the vain and remain silent then he get rid of his sins and crimes happened in the life here after. "He who remained silent got rid of it" (Albalagh Urdu, Jamia Karachi)

(૩૧૨) અભદ્ર (નિર્લજ્જ) વાણી

હુઝૂરે પાક સલ.એ ફરમાવ્યું કે જે મુસલમાન છે તે ટાંણા નથી મારતા, ન લઅનત આપે છે, અને ન તો નિર્લજ્જ વાતો કરે છે, અને ન તો ખરાબ ઝુબાન વાપરે છે. (તિરમીઝી શ.)

નિર્લજ્જ વાતો કરવાનો મતલબ એ છે કે વ્યકિત પોતાની ઝુબાનથી એવી વાણી ઉચ્ચારે જે શરાફત (સભ્યતા) સંસ્કૃતિ અને શરમની મર્યાદાથી બહાર હોય જેમકે કોઇને ગાળ આપવી, ટાણા (taunt) મારવા અથવા કોઇને અપ શબ્દો કહેવા.આ હદીસનો ખુલાસો એ છેકે અસભ્ય વાણીનો સંબંધ કયાં તો સંસ્કૃતિ કે સભ્યતા વિરૂધ્ધ વાતો હશે અથવા એનો સંબંધ શરમ કે હયા વિરૂધ્ધ વાણી ઉચ્ચાર વાથી હશે.

નિર્લજ્જ વાતો કરવાના ઉપરોકત તમામ પ્રકાર કુર્આન અને હદીસ શ.માં મના કરવામાં આવેલ છે અને આવી બાબતોથી રોકવામાં આવ્યા છે જેનો ઉલ્લેખ તિરમીઝી શ.ની હદીસમાં છે કે "જેની અંદર હયા (શરમ) આવી જાયતો તે તેને ઇઝઝત અને મરતબો અપર્ણ કરે છે અને જેની અંદર ખરાબ વાણી અને ખરાબ આચાર આવી જાય તો તેને ધૃણાસ્પદ બનાવી આપે છે.

ખુલાસો એકે ખરાબ વાણી ઝિલ્લત અને રૂસ્વાઇનુ કારણ અને શરમ(સભ્યતા) રાખવી તે ઉચ્ચતા અને ઇઝઝતનુ નિમિત્ત છે.

(અઝ: અલબલાગ ઉર્દુ, જામેઆ કરાંચી)

(૩૧૧) વૃક્ષારોપણ કરવું - પોતાની જમીન હરિયાળી રાખવી

નબીએ કરીમ સલ.નો ઇરશાદ નકલ કરવામાં આવ્યો છે કે "જે મુસલમાન પણ કોઇ છોડ લગાડે અને તે છોડથી કોઇ ઇન્સાન કે જાનવર ખાય (ફાયદો ઉઠાવે) તો છોડ ઉગાડનારને તે છોડના કારણે સદકાનો સવાબ મળશે." (બુખારી શ.)

આ હદીસનો મતલબ સ્પષ્ટ છે કે કોઇ વ્યકિત પોતાની કે અન્ય કોઇ જાઇઝ (મબાહ-જાહેર) જમીન ઉપર છોડ વાવે, વૃક્ષારોપણ કરે, હરિયાળી સર્જે, મુરદા જમીનને જીવંત કરીને તેને લીલીછમ કરી આપે અને પરિણામે અલ્લાહની મખ્લુક (ઇન્સાન કે જાનવર)ને તેનાથી ફાયદો પહોંચે તો તેનો આ અમલ (કાર્ય) નેક કાર્ય તરીકે ગણાશે, સદકહ કરવા સમાન છે અને જયાં સુધી અલ્લાહની મખ્લુકને તેનાથી ફાયદો પહોંચતો રહેશે તેના આમાલનામામાં તેનો સવાબ લખાતો રહેશે. (અલબલાગ ઉર્દૂ, જામેઆ કરાંચી)

(૩૧૩) હુસ્ને સુલૂક-સારો વ્યવહાર (Condescndingness)

સારા વર્તાવનો સંબંધ સૌ પ્રથમ પોતાની જાત સાથે જોડાએલ છે.(મેસેજ.નં. ૩૦૬)

ત્યારબાદ સારા વ્યવહાર દરજો પોતાના માતા-પિતા સાથે છે.કુર્આનશરીફમાં જુદી જુદી જગ્યાએ એની ખૂબ જ તાકીદ કરવામાં આવી છે. વાલિદૈનના પોતાની અવલાદ ઉપર એટલા મોટા અને એટલા બધા એહસાનો હોય છે કે જેને ગણી પણ ન શકાય,જેના કારણે ઇન્સાન માટે સારા વ્યવહારના સૌથી વધુ હકદાર માં-બાપને ઠેરવવામાં આવ્યા છે. તેમની સાથે નાનામાં નાના ખરાબ વ્યવહાર ને પણ અલ્લાહતઆલાએ ગંભીર ગુનો ગણાવ્યો છે અહી સુધી કે તેમને સખ્ત કે કડવા શબ્દોમાં કોઇ વાત કરવી પણ હરામ કરવામા આવ્યું .... તે પછી પત્ની કે બળકો સાથે સારો વ્યવહાર કરવાનો દરજો છે કારણ કે તેઓ કમજોર અને પોતાના વડીલોના હાથ નીચે અને જરૂરતમંદ હોવાના કારણે ન તો પોતાના હકની માંગણી કરી શકે છે.અને ન તો તેમને નારાજ કરી શકે છે એટલા માટે હુઝૂર સલ.એ ઘણી બધી હદીસોમાં તેમની સાથે સારો વ્યહાર કરવાનો ફકત હુકમ જ નહી, બલ્કે ખરાબ વ્યવહાર કરનારાઓને અલ્લાહના અઝાબથી ડરાવવામાં આવ્યા છે. (અલબલાગ ઉર્દૂ,જામેઆ...કરાચી)

(૩૧૪) હુસ્ને સુલૂક-સારો વ્યવહાર (Condesendingness)

માતા –પિતા અને પત્નિ બાળકો પછી સગા સંબધીઓ સાથે ક્રમશઃ સારા વ્યવહારનો હુકમ આપવામાં આવ્યો છે બુખારી શ.માં હુઝુરﷺનો ઇરશાદ ચે કે “જે સગા સંબંધીઓનો હક અદા ન કરશે એટલે કે તેમની સાથે ખરાબ વ્યવહાર કરશે તો તે જન્નતમાં નહી જશે એટલેકે જયાં સુધી તેનો આ ગુનો માફ ન થાય તે આ ગુનાહથી પાક ન થાય ત્યાં સુધી તેનું જન્નતમાં દાખલ થવું ( ) રોકી દેવામાં આવશે. બીજી એક હદીસમાં છેકે જેને આ પસંદ હોય કે તેની રોજીમાં વિશાળતા અને ઉમરમાં બરકત (વીધ્ધ) થાય તો તેના માટે જરૂરી છેકે તે રિશ્તેદારો સાથે સારો વ્યવહાર રાખે... તેના પછી પોતાના અન્ય સંબધીઓ, પડોશીઓ - મુસ્લિમભાઇ બહેનો અને દેશ વાસીઓ બલ્કે પ્રાણીઓ સાથે પણ સારા વર્તાવની તઅલીમ આપવામાં આવી છે સારો વ્યવહાર ફકત આર્થિક સહાય પુરતો મર્યાદિત નથી બલ્કે તેમની જરૂરતો પુરી કરવા માટે પ્રયત્નો કરવા મુલાકાત સમયે હસ્તા મોઠે વાત કરી લેવી પણ એમાં દાખલ છે બલ્કે કમાલતો એ છે કે જે આપણી સાથે ખરાબ વ્યવહાર કરે તેની સાથે પણ આપણે સારો વ્યવહાર કરીએ.(અલ બલાગ ઉર્દુ, જામેઆ..કરાંચી)

(૩૧૫) : કુરબાની :

દુનિયામાં અનોખી અને અજોડ કાર-કિર્દીઓની યાદ કાયમ કરવાનો રિવાજ તો ઘણો જૂનો છે. પરંતુ તેના માટે મોટે ભાગે પ્રતિમા કે સ્તંભો ઉભા કરવા અથવા કોઇ ઇમારત બાંધી આપવામાં આવે છે. જેથી કારકિર્દી ધરાવનારનું બહુમાન તો થાય છે. પરંતુ એનાથી વાસ્તવિક યાદગીરી (રૂહ) જીવંત રહેતી નથી. જેથી ઇસ્લામે આવી પ્રતિમાઓ કે ઇમારતો બાંધવાની પધ્ધતિને બદલે તેમના નેક કાર્યો અને અમલની નકલ કરવાને ઇબાદત બનાવી કયામત સુધી આવનાર લોકો માટે જરૂરી ઠેરવવામાં આવ્યું. આથી આ કાર્યો કરનારની યાદ તો તાજી રહે છે જ પરંતુ એ નેક કાર્યો કરવાનો ઉત્સાહ (spirit) પણ જીવંત તથા જાગૃત થાય છે.

કુરબાની પણ હઝ.ઇબ્રાહીમ ખલીલુલ્લાહ અને હઝ.ઇસ્માઇલ ઝબીહુલ્લાહ અલ.ની યાદગાર છે, જે લગ-ભગ ચાર હજાર વર્ષ પહેલાંની યાદ કાયમ છે.

કુરબાનીનો શબ્દ ઘણોજ આમ અને પ્રચલિત થઇ ગયો છે. માનવીના જીવનનું સમગ્ર તંત્રજ કુરબાનીની ભાવના પર આધારિત છે. (ક્રમશઃ) (અઝ કિતાબ :- **કુરબાનીની હકીકતઃ** મુફતી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.)

(૩૧૬) : કુરબાની :

કુર્આને હકીમમાં અલ્લાહતઆલા ફરમાવે છે. **"જાહિદુ બિઅમ્વાલિકુમ વ અન્ફુસિકુમ..."** અલ્લાહના માર્ગમાં પોતાના માલ અને જાનથી સંઘર્ષ કરો... (સૂ. તૌબહ આ.૪૧) અહી સૌ પ્રથમ માલની કુરબાની માંગવામાં આવી છે. એટલે દીન માટે જે પણ કુરબાનીની જરૂર પડે તો કોઇ પણ જાતના સંકોચ વગર પોતાની તૈયારી અને ઉત્સૂકતા રાખવી જોઇએ. પાંચ વખતની નમાઝ પણ એક કુરબાની છે. ઝકાત પણ કુરબાની છે. મુસલમાનોમાં એકતા અને ભાઇચારાની ભાવના કેળવવાની કોશીશ કરવી એ પણ કુરબાનીના વિશાળ અર્થમાં શામિલ છે.

હઝ.ઇબ્રાહીમ અલ.એ પોતાના એક માત્ર વહાલો ફરઝંદ કે જે ઘણીજ તમન્નાઓ-દુઆઓ પછી અલ્લાહપાક તરફથી મળ્યો હતો તેને પણ અલ્લાહની ફરમાબરદારીમાં કુરબાન કરી આપવામાં ઘણાજ ધૈર્ય અને અડગતાથી પોતાનો જઝબો સાચો ઠેરવ્યો કે "મારી મોત અને હયાત બન્ને અલ્લાહના માટે જ છે." હકીકતમાં કુરબાની પોતાની અવલાદ તરફથી ફિદયો છે માટે ખુબ દિલથી કુરબાની કરી અલ્લાહની નજીકતા અને ખુશનુદી હાસિલ કરવામાં આવે. **(અઝ કિતાબ કુરબાનીની હકીકત : મુફતીઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.)**

(૩૧૭) : કુરબાનીની ફઝીલત :

આપ સલ.એ ફરમાવ્યું કે કુરબાનીના દિવસોમાં કુરબાનીથી વધુ કોઇ કામ ખુદાપાકને પસંદ નથી. અને કયામતના દિવસે કુરબાનીનું જાનવર પોતાના સીગ-બાલ અને ખડીઓ સાથે આવશે. કુરબાની કરતી વખતે લોહીના ટીપાં જે જમીન પર પડે તે જમીન પર પડવા પહેલાં કબુલ થઇ જાય છે. માટે ખુબ દિલ ખોલીને કુરબાની કરો. (તિરમિઝી, ઇબ્ને માજહ)

ફાયદો:- સીગ, બાલ અને ખડીઓને ખાસ કરીને એટલા માટે બયાન કરવામાં આવ્યું છે કે માણસ બેકાર સમજી ફેંકી આપે છે. તો જયારે તે ખુદાપાક એ બેકાર ભાગો પર સવાબ આપે છે તો ગોશ્ત વિગેરે પર સવાબ કેમ નહી આપશે? મતલબ એ છે કે કુરબાની કરેલ જાનવરને તેના સીગ, બાલ અને ખડીઓ સાથે મીઝાનમાં મૂકવામાં આવશે. જેથી મીઝાન ભારી થઇ જશે. (અશાઅતુલ્લમઆત) સહાબાએ આપ સલ.ને પૂછ્યું કે કુરબાની શું વસ્તુ છે? તો આપ સલ.એ જવાબ આપ્યો, તમારાબાપ હઝ.ઇબ્રાહીમ અલ.ની સુન્નત છે. ફરી સહાબા રદી.એ સવાલ કર્યો, એ અલ્લાહના રસુલ કુરબાની કરવાથી અમને શું ફાયદો થશે? તો આપ સલ.એ જવાબ આપ્યો કે કુરબાનીના જાનવરના બદનના દરેક બાલના બદલામાં એક-એક નેકી મળશે. સહાબા એ પૂછ્યું કે ઘેંટાના દરેક બાલના બદલામાં? તો આપ સલ.એ ફરમાવ્યું હાં, ઘેંટાના દરેક બાલના બરાબર નેકીઓ મળશે. (મિશ્કાત ૧૨૯) (ક્રમશ:)

(૩૧૮) : કુરબાનીની ફઝીલત :

હઝ.અબ્દુલ્લાહ બિન ઉમર રદી.થી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ. દસ વર્ષ મદીના મુનવ્વરહમાં રહ્યા, અને દર વર્ષે કુરબાની કરતા હતા. (તિરમિઝી) દર વર્ષ કુરબાની કરવાથી કુરબાની કરવી વાજીબ છે એમ સાબિત થાય છે. (મિશ્કાત ૧૨૯)

આપ સલ.એ ફરમાવ્યું કે જેની કુરબાનીની હૈસિયત હોય અને કુરબાની ન કરે તે મારી ઇદગાહના નઝદીક પણ ન આવે. (ઇબ્ને માજહ – ૨૨૬) મતલબ એ કે એવો માણસ અલ્લાહના દરબારમાં આવવાના લાયક નથી. કયામતના દિવસે કુરબાનીનું જાનવર સહી સાલિમ પેદા કરવામાં આવશે. જેને કુરબાની કરનાર માટે પુલસિરાત ઉપરથી પસાર થવા માટે સવારી બનાવવામાં આવશે. (મઝાહિરે હક) એને લઇ આપ સલ.એ ફરમાવ્યું કે કુરબાનીના જાનવરની ખિદમત કરી ખૂબ મોટા ફરબહ (Plump- હૃષ્ટ પુષ્ટ) બનાવો. કારણ કે કુરબાનીના જાનવરો કયામતના દિવસે પુલસિરાત ઉપરથી પસાર થવા માટે સવારી બનાવવામાં આવશે. સહાબા રદી. ફરમાવે છે કે હમો મદીનામાં પોતાની કુરબાનીના જાનવરોને મોટા કરવાની તાકીદ રાખતા. અને બીજા મુસલમાનોની પણ આજ હાલત હતી. (બુખારી શ. / ૧) (ક્રમશ:)

(૩૧૯) : કુરબાનીની ફઝીલત :

ફુકહાએ કિરામ ફરમાવે છે કે બેહતર એ છે કે કુરબાનીનું જાનવર પોતે પસંદ કરી ખરીદે. અને તેની ખિદમત-ચાકરી કરી દિલમાં તેની મોહબ્બત પૈદા કરે, કુરબાનીના જાનવર સાથે નરમીનો વર્તાવ કરે. (આલમગીરી-૫) કુરબાની હઝ.ઇસ્માઇલ અલ.ની જગ્યાએ છે જેથી એ નેક બંદાઓની યાદગાર બાકી રાખવા માટે મુસલમાનોને એ તારીખોમાં કુરબાની કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. જેથી દરેકના દિલમાં એની યાદ (રૂહ-spirit) ઝિન્દહ થઇ જાય. અને કુરબાનીની યાદથી શિખામણ (બોધ-Lesson) લીએ કે ખુદાના રસ્તામાં પોતાની સૌથી પ્યારી ચીઝ કુરબાન કરવામાં આવે છે. અને પોતાની કુરબાની પોતાના હાથથી ઝબહ કરવું મુસ્તહબ છે. અગર પોતે ઝબહ ન કરી શકે તો ત્યાં હાજર રહે. પરંતુ અફસોસ એ છે કે ઘણા લોકો કુરબાનીના દિવસોમાં જ જાનવર ખરીદી કુરબાની કરે છે. (બલ્કે બારોબાર અન્ય જગ્યાએ આપી દે છે) જેથી કુરબાનીની ફઝીલત અને તેની હકીકત (reality)થી મહરૂમ રહે છે.. (અઝ કિતાબ કુરબાનીની હકીકતઃ મુફતી ઇસ્માઇલ વાડીવાલા સા. રહ.)

(૩૨૦) કુરબાનીના આદાબ

કુરબાનીના જાનવરને થોડાક દિવસ પહેલાં પાળવું અફઝલ છે.

કુર્બાનીના જાનવરનું દૂધ કાઢવું અથવા એના વાળ કાપવા જાઇઝ નથી. જો કોઇએ એવું કરી લીધુંતો દૂધ અને વાળ અથવા એમની કિંમતનો સદકહ કરવો વાજિબ છે. (બદાઇઅ, જ.ફિકહ : ૧/૪૫૦)

જીવતા જનવરનો કોઇ અવયવ કે અંગ કપવામાં ન આવે. (મસાઇલે ઈદૈન)

જાનવરને ઝબહ કરવા માટે સુવડાવ્યા પછી ઝબહ કરવામાં વિલંબ કે મોડું કરવું અથવા એની સામે છરી તેજ કરવી મકરૂહ છે.(ફતાવા આલમગીરી : ૪/૧૮, મસાઇલે ઈદૈન : ૧૭૧)

કુરબાનીના જાનવરને એવી રીતે ઝબહ કરવું જોઇએ કે એને ગેરજરૂરી તકલીફ કે ઇજા ન થાય, કોઇ એવી હરકત કે ચેષ્ટા જે જાનવરને તકલીફ પહોંચાડે,મકરૂહ છે. ઝબહ માટે જગ્યા પણ પાક હોવી જોઇએ, નાપાક સ્થળે ઝબહ કરવું બેહતર નથી. (કિફાયતુલ મુફતી : ૮/૨૫૯)

(અઝ : બયાને મુસ્તફા (સલ.) જામેઆ અકકલકૂવા)

(૩૨૧) કુરબાની માટે સવાલો...

કોઇ માણસ કુરબાની ન કરે અને તેના બદલામાં ખૈરાત કરે તો કયામતના દિવસે તેને ખૈરાતનો સવાબ મળશે, પરંતુ કુરબાની ન કરવા વિષે પુછવામાં આવશે, જેમકે કોઇ માણસ નમાઝ પઢતો રહે અને રોઝહ-ઝકાત અદા ન કરે તો નમાઝનો સવાબ મળશે પરંતુ રોઝહ અને ઝકાતની પૂછ થશે. જયારે આ વાત જાણી લીધી કે જાનવરોની કુરબાની જે પ્રતિવર્ષ મુસલમાનો માટે જરૂરી છે એ ઇબ્રાહીમી યાદગાર છે તો એથી એ પણ સ્પષ્ટ થઇ ગયું કે જાનવરની કિંમતનો સદકો કરી આપવું અથવા બીજા કોઇ નેક કામમાં રકમ ખર્ચ કરી આપવાથી આ ફર્ઝથી મૂકત થઇ શકશે નહી. જેવી રીતે કે રોઝહની જગ્યાએ નમાઝ અને નમાઝને બદલે રોઝહ અદા થઇ શકતા નથી અને ઝકાતને બદલે હજ કે હજના બદલે ઝકાત ચાલી શકે નહી.કોઇ માણસ પોતાની બધી માલ-મિલકત અલ્લાહના માર્ગમાં સદકો કરી આપે તેજ પ્રમાણે ગમે તેટલો સદકો ખૈરાત કરવામાં આવે પરંતુ ઇબ્રાહીમી યાદગાર કુરબાનીનો ફર્ઝ અદા થશે નહી,એજ પ્રમાણે ખૈર-ખૈરાત નફલી ઇબાદતો છે અને કુરબાની કરવી વાજિબ છે. તો ખૈરાત અને ગરીબોની મદદ કરવાથી વાજિબ કુરબાની અદા થયેલી ગણાશે નહી, કારણકે એનાથી કુરબાનીની રૂહ (જઝબો,Sprit) પેદા થતી નથી. વળી કુરબાનીના જાનવરોના ગોશ્ત,ચામડાં અને તેની કિંમતથી ગરીબોની મદદ કરવામાં આવે છે,એમાં પણ ગરીબોનો ફાયદો જ છે.

(૩૨૨) ઝીલહજ્જના પહેલા દાયકાની ફઝીલત :

ઝિલહજના મુબારક મહિનાની ફઝીલતો અને બરકતો બેશુમાર છે. હદીસોમાં એ મહિનાની બુઝુર્ગી ઘણી બયાન કરવામાં આવી છે. ખાસ કરીને એ મહિનાના પહેલા દસ દિવસોમાં અલ્લાહતઆલા તરફથી ઘણી બરકતો અને રહમતો નાઝિલ થાય છે. હઝ.અબુ હુરૈરહ રદી.થી રિવાયત છે કે આપ સલ.એ ફરમાવ્યું કે ઇબાદત માટે ઝીલહજ્જના પહેલા દસ દિવસોથી બેહતર કોઇ વખત નથી, એમાં દરેક દિવસનો રોઝો એક વરસના રોઝા બરાબર અને એક રાતની ઇબાદત લયલતુલ કદરમાં ઇબાદત કરવા બરાબર છે. (મિશ્કાત પે-૧૮૮) હઝ. હફસા રદી. બયાન ફરમાવે છે કે આપ સલ. ઝિલહજ્જની પહેલી તારીખથી નવમી તારીખ સુધીના રોઝા રાખતા હતા.

આપ સલ.એ ફરમાવ્યું કે અરફહના દિવસે એટલે ઝીલહજ્જની નવમી તારીખનો રોઝો રાખવાથી આવતા એક વરસ અને પાછલા એક વરસના ગુનાહો માફ થઇ જાય છે. (કન્ઝુલ ઉમ્માલ) અરફહ અને ઇદની વચલી રાતમાં ઇબાદત કરવું બહું જ ફઝીલત અને સવાબનું કામ છે. અરફાતના મેદાન પર અફાહના દિવસે આપણા નબી સલ.પર ખુદાપાકે પોતાની રઝામંદી અને દીનને કામીલ (complete) કરી દીધાની બશારત આપતી આયત નાઝિલ ફરમાવી હતી.

(૩૨૩) કુરબાની બાબતે જરૂરી એહતિયાત

કુરબાની કરવા બાબત ઇસ્લામે ઘણાં સૂચનો કર્યા છે, તેને ધ્યાનમાં રાખવા આવશ્યક છે, એવું ન થવું જોઇએ કે એક ઇબાદતની અદાયગીમાં અન્ય ઇસ્લામી આદેશો અને ઉપદેશોનો ભંગ થાય. આ માટે નીચે દર્શાવેલા આદેશો અને ઉપદેશો તરફ લક્ષ (ધ્યાન) કેન્દ્રિત કરવું જોઇએ. **(૧)**ઇસ્લામે ઘણી જ સખતાઇપૂર્વક-ભારપૂર્વક હુકમ આપ્યો છે કે પોતાના કોઇપણ અમલથી અન્ય કોઇને તકલીફ પહોંચવી જોઇએ નહી.(અત્તરગીબ વત્તરહીબઃ ૩/૨૩૯) **(૨)** આપ સલ.નું ફરમાન છે કે લોકોના રસ્તામાં ગંદકી ન કરો. તદુપરાંત, આપ સલ. એ ફરમાવ્યું છે કે, જે કોઇએ રસ્તામાં ગંદકી રાખી તો તેના ઉપર અલ્લાહતઆલા, અલ્લાહના ફરિશ્તાઓ અને તમામ લોકોની લઅનત વરસે છે.(અત્તરગીબ વત્તરહીબઃ ૧/૮૧) **(૩)** આપ સલ.એ પોતાનું ઘર તથા આંગણાને સ્વચ્છ રાખવાનો આદેશ આપ્યો છે અને ગંદકી કરવાને ગૈરઇસ્લામી કૃત્ય લેખાવ્યું છે.(તિરમિઝીઃ ૨/૧૦૭) **(૪)** આપ સલ.એ ફરમાવ્યું કે મારી સમક્ષ મારી ઉમ્મતના સારા-નરસા અમલો (કર્મો) પેશ કરવામાં આવ્યા, તો તે અમલોમાં સર્વશ્રેષ્ઠ અમલ રસ્તામાંથી નડતરરૂપ વસ્તુને હટાવવાનો અમલ હતો. (ઇબ્ને માજહઃ ૩૭૬)

હુઝુર સલ.નાં ઉપરોકત હદીસોની રોશનીમાં કુરબાની કરનાર પ્રત્યેક મુસલમાનની ફરજ છે કે તે કુરબાનીના બિનજરૂરી અંગો-ઉપાંગોને રસ્તામાં ન ફેંકે, બલકે તેને યોગ્ય ઠેકાણે દફનાવી દે. વ્યવસ્થિત તરીકાથી પરદા અને આડવાડ સાથે એવી ગુપ્ત રીતે કામ કરે કે કોઇને પણ તકલીફ ન થાય. કુરબાની ઇબાદત છે માટે ઇબાદતને એવી રીતે અદા કરે કે ઇબાદતનો મુખ્ય હેતુ માર્યો ન જાય.

કુરબાનીની પવિત્ર ઇબાદતમાં એવી કોઇ ગેરરીતિ અને અનીતિ અપનાવવામાં ન આવે, જેનાથી ઇસ્લામ અને મુસલમાનો બદનામ થાય. સ્વચ્છતાનો ખાસ ખ્યાલ રાખવો જોઇએ. અને ઇબાદતનો મહિમા જળવાય રહે એ રીતે કુરબાની કરવી જોઇએ.

સાભારઃ-(પ્રકાશન વિભાગ) દારૂલ ઉલૂમ ભરૂચ-કંથારીઆ

(૩૨૪) અરફહ ના રોઝાની ફઝીલત

રસુલુલ્લાહ ﷺએ ઇરશાદ ફરમાવ્યો કે હું અલ્લાહતઆલાથી ઉમ્મીદ રાખું છું કે અરફહ (નવમી ઝિલહજ્જ) નો એક રોઝો ગયા એક વર્ષ અને આવતા એક વર્ષના ગુનાહોનો કફફારો થઇ જાય છે. (મુસ્લિમ શ.)

હુઝુર ﷺ એ ઇરશાદ ફરમાવ્યો કે જેણે અરફહનો રોઝો રાખ્યો તો તેના સતત બે વર્ષના ગુનાહ માફ કરી દેવામાં આવે છે. (તરગીબ)

નબીએ કરીમ સલ.એ ઇરશાદ ફરમાવ્યો કે જે માણસ બન્ને ઇદો (ઇદુલ ફિત્ર અને ઇદુલ અદહા)ની રાતોમાં સવાબની ઉમ્મીદ સાથે (ઇબાદત માટે) જાગતો રહ્યો તો તેનું દીલ તે દિવસે જીવંત રહેશે જે દિવસે કે બધાના દિલ મુર્દા હશે. (તરગીબ, ઇબ્ને માજહ)

તકબીરે તશરીકઃ- અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર, લા ઇલા-હ ઇલ્લલ્લાહુ વલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર, વલિલ્લાહિલ હમ્દ.

અરફાની ફજરની નમાઝથી ૧૩ તારીખની અસર સુધી દરેક ફર્ઝ નમાઝ પછી એક વાર પઢવું દરેક મર્દ અને ઓરત માટે વાજિબ છે.

કુલ ૨૩ ફર્ઝ નમાઝોમાં આ તકબીર પઢવામાં આવશે. (બચહકી, આસારુસ્સુનન)

મર્દો દરમિયાની બુલંદ અવાઝથી પઢે અને ઓરતો આહિસ્તા અવાઝથી પઢે.

(૩૨૫) કુરબાની ની દુઆ

કુરબાની કરતી વખતે ઝબહ કરનારે **"બિસ્મીલ્લાહિ અલ્લાહુ અકબર"** بِسْمِ اللّٰهِ وَاللّٰهُ اَكْبَرُ કહેવું જરૂરી છે.

સુન્નત એ છે કે જયારે જાનવર ઝબહ માટે કિબ્લા તરફ મોં કરી સુવાડવામાં આવે તો આ આયત પઢવામાં આવે. **ઇન્ની વજ્જહતુ વજહિય લિલ્લઝી ફતરસ્સમાવાતિ વલ્અરદિ હનીફવ્વમા અન મિનલમુર્શરિકીન. ઇન્નસલાતી વનુસુકી વમહયાય વમમાતિ લિલ્લાહી રબ્બિલ આલમીન. લાશરીકલહુ વબિઝાલિક ઉમિરતુ વઅન મિનલ મુસ્લિમીન,**

اِنِّىْ وَجَّهْتُ وَجْهِىَ لِلَّذِىْ فَطَرَالسَّمٰوٰتِ وَالْاَرْضَ حَنِيْفًا وَّمَآ اَنَا مِنَ الْمُشْرِكِيْنَ☆اِنَّ صَلَاتِىْ وَنُسُكِىْ وَ مَحْيَاىَ وَمَمَاتِىْ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ☆لَاشَرِيْكَ لَهٗ وَبِذٰلِكَ اُمِرْتُ وَاَنَامِنَ الْمُسْلِمِيْنَ.

પછી **"બિસ્મીલ્લાહિ અલ્લાહુ અકબર"** પઢી ઝબહ કરે અને ઝબહ કર્યા પછી આ દુઆ પઢે. **અલ્લાહુમ્મ તકબ્બલહુ મિન્ની કમા તકબ્બલ્ત મિન હબીબિક મુહમ્મદિન વ ખલીલિક ઇબ્રાહીમ અલૈહિમસ્સલામ.**

اَللّٰهُمَّ تَقَبَّلْهُ مِنِّى كَمَا تَقَبَّلْتَ مِنْ حَبِيْبِكَ مُحَمَّدٍ وَخَلِيْلِكَ اِبْرَاهِيْمَ عَلَيْهِمَا السَّلَامُ.

(અબુ દાઉદ ૩૮૬, મિશ્કાત ૧૨૮,અહકામે કુરબાની ૩૮)

બલ્લિગુ અન્ની... હુઝુરે પાક સલ.નો ઇરશાદ છે કે "મારી વાત પહોંચાડો" ભલે તે એક વાત હોય.

આ હદીસેપાક ઉપર અમલની નિય્યતથી દીનની વાત મોકા બ મોકા તથા સમયે-સમયે આધારભુત રીતે પહોંચાડવા માટે આ એક નમ્ર પ્રયાસ ઝિલહજ્જ, ૧૪૩૯ (૨૦૧૮)ના શરૂ કર્યો હતો.આ ગ્રૃપમાં અઠવાડિયામાં સામાન્ય રીતે બે વાર મેસેજ દ્વારા દીનની વાતો પહોંચાડવામાં આવે છે.

અલ્લાહપાકના ફઝલો કરમથી ઝિલહજ્જ, ૧૪૪૨ (૨૦૨૧) ના ત્રણ વર્ષ પુરા થયા.

ذٰلِكَ فَضْلُ اللّٰهِ يُؤْتِيْهِ مَنْ يَّشَآءُ

તર્જુમો :- આ (હિદાયત મળવું) અલ્લાહની કૃપા છે,ચાહે તેને આપે છે..

અલ્લાહપાક ઇસ્તિકામત સાથે જારી રાખે તથા આપણા સૌ માટે દીની-દુન્યવી દ્રષ્ટિએ ફાયદાકારક અને દુનિયા-આખિરત માટે કામિયાબીનો ઝરીઓ બનાવે. એવી દુઆ અને દુઆની નમ્ર ગુઝારિશ.

આ ગ્રૃપમાં મેસેજ થઇ શકશે નહી.

(૩૨૬)તિલાવતે કલામેપાકની ફઝીલત

હઝરત અબુઉમામા બાહીલી(رضي الله عنه) ફરમાવે છે કે રસુલુલ્લાહ(ﷺ) એ ઈરશાદ ફરમાવ્યો "કુર્આન મજીદ પઢો કરણકે તે કયામતના દિવસે પઢનાર માટે સિફારીશી(commendatory) બનીને આવશે. સૂ.બકરહ અને સૂ.આલે ઇમરાન જે બન્ને રોશન સુરતો છે (ખાસ કરીને) પઢયા કરો કારણકે એ કયામતના દિવસે પોતાના પઢવાવાળાને પોતાના છાંયડામાં એવી રીતે લઇને આવશે જેવીરીતે વાદળના બે ટુકડા હોય અથવા બે છાંયડા હોય,લાઇનમાં પક્ષીના બે ટોળા હોય,આ બન્નેવ પોતાના પઢવાવાળા માટે સિફારીશ કરશે,અને ખાસ કરી સૂ.બકરહ પઢયા કરો એનુ પઢવું,યાદ કરવું અને સમજવું બરકતનો જરીયો છે અને છોડી દેવુ મહરૂમીની વાત છે,અને આ સુરતનો ગલત પ્રકારના લોકો મુકાબલો નથી કરી શકતા,હઝ.મુઆવિયા રહ.કહે છે મને આ વાત પહોંચી છે કે ખોટું કૃત્ય કરનાર લોકોથી મતલબ જદુગર છે, એટલેકે સુ.બકરહની તિલાવતનો મામૂલ (નિત્યક્રમ) રાખવાવાળા પર કોઇ જાદુગરનો જાદુ ચાલશે નહી.(મુસ્લિમ.શ.)

અઝાનનો જવાબ આપવાની ફઝીલત

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર(رضي الله عنه) ફરમાવે છે કે એક માણસે પુછયું યા રસુલુલ્લાહ(ﷺ)! અઝાન આપનાર અમારાથી સવાબમાં આગળ વધી જાય છે, (શું કોઇ એવો અમલ છે કે અમને પણ અઝાન આપનારની ફઝીલત પ્રાપ્તથાય?)રસુલુલ્લાહ(ﷺ) એ ઈરશાદ ફરમાવ્યો "એજ કલીમાત (શબ્દો) કહયા કરો,જે મુઅઝ્ઝીન કહે છે, પછી તમે અઝાનનો જવાબ આપી ચુકો તો દુઆ માંગો (જે માંગશો) તે મળશે.(અબૂદાઉદ)

(૩૨૭) જાનવરો સાથે ઉપકાર (ભલાઇ) નું ઇન્આમ

હઝરત અબુહુરૈરહ(رضي الله عنه) નોંધે છે કે રસુલુલ્લાહ(ﷺ) એ ફરમાવ્યુ, એક વખત એક માણસ જઇ રહયો હતો. રસ્તામાં તેને ખૂબજ તરસ લાગી, તેની નઝરે એક કૂવો દેખાયો,તે ત્યાં જઇ કૂવામા ઉતર્યો અને પાણી પીને બહાર આવ્યો તો, તેણે જોયું કે એક કુતરો હાંફી રહયો છે, અને તરસને કારણે કીચડ ચાટી રહયો છે, તેણે વિચાર્યું કે આ કુતરાને પણ તરસને કારણે તેજ તકલીફ થતી હશે જેવી મને થતી હતી આ વિચારીને તે કૂવામાં ઉતર્યો, પોતાના મોજામાં(ચામડાના) પાણી ભર્યુ અને પોતાના મોઢાથી પકડયું (ઉપર લાવીને) પેલા કુતરાને પીવડાવ્યું. અલ્લાહતઆલાએ તેના આ અમલને પસંદ ફરમાવ્યુ અને તેને બખ્શી આપ્યો.

સહાબા રદી.એ પુછયું કે અય અલ્લાહના રસુલ (ﷺ) શું પ્રાણીઓ બાબતે પણ અમને બદલો મળશે? હુઝૂરેપાક (ﷺ) એ ફરમાવ્યું દરેક સજીવ (ધબકતુ હૃદય ધરાવનાર) બાબતે બદલો મળશે. (અલબલાગ ઉર્દૂ ,જામેઆ કરાંચી)

(૩૨૮) બીજાઓને તકલીફ આપવાથી બચવું

હઝરત અબુહુરૈરહ(رضي الله عنه) રિવાયત છે કે રસુલુલ્લાહ(ﷺ) એ સહાબએ કિરામ(رضي الله عنهم)થી ફરમાવ્યું કે "શું તમો જાણો છો કે કંગાલ(મુફલિસ) કોણ છે?

સહાબએ કિરામ(رضي الله عنهم) એ જવાબ આપ્યો કે અમારી દૃષ્ટિએ કંગાલ તે છે કે જેની પાસે કોઇ દિરહમ (પૈસો) અને (દુનિયાની) મિલ્કત ન હોય.

હુઝૂરેપાક(ﷺ) એ ફરમાવ્યું કે મારી ઉમ્મતનો કંગાલ તે માણસ છે જે કયામતના દિવસે ઘણી નમાઝો, રોઝહ, ઝકાત (અને બીજી મકબૂલ ઇબાદતો) લઇને આવશે, પરંતુ હાલત આ હશે કે એણે કોઇને ગાળો આપી હશે, કોઇના પર તોહમત લગાવી હશે, કોઇનો માલ હડપ કરી લીધો હશે, કોઇનું ખૂન વહેવડાવ્યું હશે, કોઇને માર્યો હશે, તો એની નેકીઓમાંથી હકવાળાને (એના હકના બરાબર) નેકીઓ આપી દેવામાં આવશે પછી જો બીજાઓનો હક પુરા કરવામાં એની બધી નેકીઓ પુરી થઇ જશે તો (તેમના હકકોના બરાબર) હકદારોના અને મઝલુમોના ગુનાહ (જે એમણે દુનિયામાં કર્યા હશે) એ લઇને એ માણસ પર નાખી દેવામાં આવશે અને પછી એને દોઝખમાં નાખી દેવામાં આવશે. (મુસ્લિમ શ.)

(૩૨૯) સુઇને સવારે ઉઠવાની સુન્નતો

(૧) સવારે જયારે ઉઠે ત્યારે પ્રથમ ત્રણ વખત اَلْحَمْدُ لِلّٰهِ "અલ્હમ્દુલિલ્લાહ"કહેવું અને કલિમએ તય્યિબહ પઢવું لَآاِلٰهَ اِلَّااللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ "લાઇલાહ ઇલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ"

(૨) ત્યાર પછી આ દુઆ પઢે

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْٓ اَحْيَانَا
بَعْدَمَآاَمَاتَنَا وَاِلَيْهِ النُّشُوْر

"અલ્હમ્દુ લિલ્લાહિલ્લઝી અહયાના બઅદમા અમાતના વ ઇલયહિન્નુશુર" (અબુદાઉદ શરીફ)

(૩) ત્યાર પછી મિસ્વાક કરી લેવુ.

(૪) ઉઠયા પછી કોઇ પણ વાસણમાં હાથ નાખતા પહેલા બંને હાથોને કાંડા સુધી સારી રીતે ધોઇ નાખવા.

(330) હિજરી સન વિષે:

મોહર્રમનો મહિનો સન હિજરીનો પહેલો માસ છે. અત્યાર સુધી ૧૪૪૨ હિજરી હતી. હવે ૧૪૪૩ હિજરી શરૂ થઇ રહી છે.

ઇસ્લામી હિ.સ.ની શરૂઆત હિ.સ.૧૭ હઝરત ઉમર રદી.ના શાસનકાળ દરમિયાન થઇ. જેની હકીકત એ છે કે હઝ.અબુ મુસા અશ્અરી રદી. યમનના ગવર્નર હતા. તેમણે હઝ. ઉમરને કહ્યું કે આપના ફરમાનો અમારી પાસે આવે છે, પરંતુ તેના ઉપર તારીખ અને હિજરી (સાલ) હોતી નથી. અગર એ હોય તો ઇન્તેઝામમાં સહુલત થાય. આથી હઝ. ઉમર રદી.ની રાય મુજબ નક્કી થયું, કે સને તારીખનો આધાર હિજરત પર રાખવામાં આવે. પરંતુ વર્ષની ઇબ્તિદાઅ મોહર્રમથી કરવામાં આવી કારણ કે નબુવ્વતના તેરમા વર્ષે ઝિલહજ્જના બિલકુલ અંતમાં મદીનએ મુનવ્વરહ તરફ હિજરત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

મુસલમાનોના ઇસ્લામી સન હિજરી પણ એક ખાસ- વિશિષ્ઠ હેસિયત ધરાવે છે. દુનિયાના ધર્મોમાં જેટલા પણ સન પ્રચલિત છે તે સામાન્ય રીતે કોઇ જાણીતા વ્યકિતના જન્મદિવસની યાદ અથવા કોઇ સામાજિક ખુશીના પ્રસંગ સાથે સંકળાયેલ હોય છે.પરંતુ હુઝુર સલ.ના હિજરતના બનાવ પર સન હિજરીનો આધાર રાખવામાં આવ્યો. હિજરતનો પ્રસંગ આ વાત શિખવાડે છે કે એક મઝલુમ અને મજબુર નિસહાય વ્યકિત પોતાના મિશનમાં કઇ રીતે કામિયાબ થઇ શકે છે તથા મુસીબતોથી નીકળી જઇ કેવી રીતે સફળતાનો સોનેરી તાજ પોતાના માથા પર મૂકી શકે છે.(૫૬૦,ફત્હુલબારી, ઐની ૧૭/૬૬)

(અઝ કિતાબ : મુફતી ઇસ્માઇલ વાડીવાલા સા.રહ.)

(૩૩૧) માહે મોહર્રમની ફઝીલત

મુહર્રમુલ હરામ ઇસ્લામી વર્ષનો પ્રથમ માસ છે. આ મહિનાની વિશેષ ફઝીલત છે. અલ્લાહતઆલાએ આદર ઇઝઝત અને તારીખી (ઐતિહાસિક) મહત્તાને કારણે તેને મહાનતાનો માસ ઠેરાવ્યો છે કુર્આનેપાકમાં ફરમાવ્યું છે કે “મહીનાઓની ગણતરી અલ્લાહની નજીક વર્ષમાં બાર મહીના છે,જેમાં ચાર મહીના આદરપાત્ર છે. (ઝીલ્કઅદહ,ઝીલહજ્જહ,મુહર્રમ અને રજબ)

માહે મુહર્રમમાં દસમી મુર્હરમના ઘણા સારા કામો અને બનાવો બન્યા છે એજ કારણે એની ફઝીલત ઘણી છે જેમકે (૧) હઝ.ઇબ્રાહીમ(عليه السلام)ને નમરૂદની આગથી એજ દિવસે છુટકારો મળ્યો હતો (૨) હઝ. નૂહ(عليه السلام) ની કશ્તી જુડી પહાડ ઉપર આજ દિવસે થોભી હતી જેથી કાફિરો ડુબી ગયા અને મુસલમાનો ને સુરક્ષિત રાખવામાં આવ્યા (૩) હઝ.યુનુસ (عليه السلام) ને માછલીના પેટમાંથી આ દિવસે છૂટકારો મળ્યો હતો (૪) હઝ.આદમ (عليه السلام) ની તૌબા કબુલ થઇ હતી (૫) હઝ.યુસૂફ (عليه السلام)ને કૂવામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા (૬) હઝ.ઇસા (عليه السلام) આજ દિવસે પેદા થયા અને એજ દિવસે આસમાન ઉપર ઉઠાવી લેવામા આવ્યા (૭) હઝ.ઇબ્રાહીમ (عليه السلام) પેદા થયા (૮) હઝ.યાકુબ (عليه السلام) ને અંધ થઇ જવા પછી એજ દિવસે આંખોની રોશની પાછી આપવામાં આવી (૯) હઝ.સુલેમાન (عليه السلام) ને હુકુમત મળી (૧૦) હઝ.ઐયુબ (عليه السلام) ને બીમારીથી તંદુરસ્તી મળી (૧૧) હઝ.ઇદ્રીસ (عليه السلام) ને આસમાન ઉપર ઉઠાવી લેવામા આવ્યા (૧૨) આપ (ﷺ) ની દરેક ખતાઓ (mistakes) ની માફીનું એલાન કરવામાં આવ્યું. (અવજઝ ૩/૪૭. ઐની ૧૧૭,૧૧૮,/૧૧)

(અઝ કિતાબ: મુફતી ઇસમાઇલ વાડીવાલા સા.રહ.)

(૩૩૨) યવમે આશૂરહ:

મુહર્રમના મહીનામાં કરબલાની ઘટનાને યાદ કરવાને બદલે તથા ગમ અને માતમ સમજવાને સ્થાને એ દિવસોમાં મસનૂન અમલ રોઝહ રાખવું છે.

હદીસ શ.માં રમઝાન પછી નફલ રોઝહમાં મોહર્રમના રોઝાને સૌથી વધુ અફઝલ બતાવવામાં આવ્યો છે."અફઝલુ સ્સિયામી બઅદ રમઝાન શહરૂલ્લાહિલ મુહર્રમ" (મિશ્કાત શ.પેજ ૧૭૮) ખાસ કરી દસમી મોહર્રમના રોઝહની હદીસ શરીફમાં ઘણી ફઝીલત આવી છે. હુઝૂર (ﷺ) નું ફરમાન છે કે "અલ્લાહથી ઉમ્મીદ છે કે આશૂરહના રોઝહથી પાછલા એક વર્ષના ગુનાહ માફ થઇ જશે (મુસ્લિમ : ૧/૩૬૭)

આશૂરાના દિવસનો બીજો અમલ...

ફિકહે હનફીની મશહૂર કિતાબ "શામી અનુસાર આશૂરાના દિવસે બીજો કોઇ ખાસ અમલ સાબિત નથી,અલબત્ત અમૂક રિવાયતોમાં છે કે આપ (ﷺ) એ ફરમાવ્યું કે "જેણે આશૂરહ ના દિવસે (પોતાની હેસિતય મુજબ) પોતાના બાલ - બચ્ચાઓ (ઘરવાળાઓ) પર વિશાળતા (ઉદારતા) કરી અલ્લાહતાઅલા આખું વર્ષ એના ઉપર વિશાળતા (કુશાદગી) ફરમાવશે. (રઝીન,બયહકી,દુર્રે મન્સુર ૬/૩૪૫) **(અઝ કિતાબ: મુફતી ઇસમાઇલ વાડીવાલા સા.રહ.)**

(333) હિજામા(Cupping) કરાવવું

હઝરત અબ્દુર્રહમાન (رضي الله عنه) ફરમાવે છે કે હું અબુ હુરૈરહ (رضي الله عنه) પાસે આવ્યો તો તેઓ હિજામા લગાવી રહયા હતા.મને જોઇને ફરમાવ્યું કે અબુલહકમ તમો પણ હિજામા લગાવી લો.મેં કહ્યું કે મેં તો કદી હિજામા નથી લગાવ્યો,તો હઝ.અબુ હુરૈરહ (رضي الله عنه) એ ફરમાવ્યું કે મને હુઝુરે અકરમ (ﷺ) એ આ ફરમાવ્યું છે કે લોકો! ઇલાજની દ્રષ્ટિએ હિજામા લગાડવુ બેહતરીન ઇલાજ છે.(રવાહુલ હાકીમ)

હિજામા કરાવવું એ સારવારની એક પધ્ધતી છે, જેને નબીએ અકરમ (ﷺ) એ ઇલાજ સ્વરૂપે કરાવ્યું હતુ. ઘણી હદીસોમાં આ ઇલાજની પધ્ધતી નબીએ અકરમ (ﷺ) થી સાબિત છે બુખારી શ.અને મુસ્લિમ શ.ની હદીસોમા નબીએ અકરમ (ﷺ) એ એને બેહતરીન ઇલાજ બતાવ્યો છે.

હઝ.ઇબ્ને મસઊદ (رضي الله عنه) ફરમાવે છે કે રસુલે કરીમ (ﷺ) એ શબે મેઅરાજની ઘટનાઓ વિશે વર્ણન કરતા ફરમાવ્યું કે હુઝુર (ﷺ) ફરિશ્તાઓની જે પણ જમાઅત પાસેથી પસાર થતા એમણે અલ્લાહ તરફથી આ હુકમ આપ્યો કે આપ (ﷺ) પોતાની ઉમ્મતને હિઝામા કરાવવાનો હુકમ આપો.(તિરમીઝી,ઇબ્ને માજહ)

રસુલુલ્લાહ (ﷺ) એ ફરમાવ્યું સૌથી સારો દિવસ જેમાં તમો હિજામા કરાવી શકો છો તે **ચંદ્ર માસની ૧૭, ૧૯, ૨૧ તારીખો છે.** (તિરમીઝી શ.) આ તારીખોમા લોહીનુ જોશ (ભ્રમણ) મધ્યમ ગતિએ હોવાના કારણે શરીરને વધારે ફાયદો થશે.

હિજામા ઉપરોકત તારીખો સિવાય પણ કરાવી શકાય છે.**(દારૂલઇફતાઃ જામેઆ ઇસ્લામીયા,બીન્નોરી ટાઊન,ફતવા નં. ૧૪૪૧૦૩૨૦૦૩૧૫ પર આધારિત)**

(૩૩૪) બીમારી,ઇલાજ અને ઇયાદતની સુન્નતો..

(૧) બીમારીમાં દવા અને ઇલાજ કરાવવું મસ્નૂન છે, ઇલાજ કરાવતા રહે, પરંતુ શિફા માટે નઝર અલ્લાહ પર રહે. **(૨)** કલુંજી અને મધની સાથે ઇલાજ કરવું સુન્નત છે. હુઝૂર (ﷺ) નો ઇરશાદ છે કે અલ્લાહતઆલાએ બંને ચીઝો (કલુંજી અને મધ) માં શિફા મૂકી છે આ બેવની તારીફમાં ઘણી હદીસો આવી છે. **(3)** ઇલાજ દરમિયાન નુકસાન પહોંચાડનારી ચીઝોથી પરહેઝ કરવી **(૪)** પોતાના બીમાર (દીની) ભાઇની ઇયાદત (ખબર અંતર પૂછવા) જવું સુન્નત છે. **(૫)** બીમારપુર્સી કરીને (માંદા માણસની ખબરઅંતર પુછીને) જલદી પરત આવવું સુન્નત છે. વધારે બેસવાના કરણે કયાંક બીમાર ગમગીન અને દુ:ખી ન થઇ જાય કે ઘરવાળાઓને કામમાં ખલેલ ન પડે. **(૬)** બીમારને દરેક રીતે તસલ્લી (સાંત્વન) આપવી સુન્નત છે. **(૭)** બીમાર પુર્સી રાતે પણ જાઇઝ છે રાતે જવાને જે લોકો મનહુસ કહે છે તે ખોટી માન્યતા છે. **(૮)** જયારે કોઇ મરીઝ (માંદા) ની ઇયાદત કરે ત્યારે તેને આ પ્રમાણે કહે...

لَابَأْسَ طَهُوْرٌاِنْشَاءَ اللّٰهُ

"લા બઅ્સ તહૂરુન ઇન્શાઅલ્લાહ" તે પછી તેની શિફા માટે સાત વખત આ દુઆ પઢે...

اَسْئَلُ اللّٰهَ الْعَظِيْمَ رَبَّ الْعَرْشِ الْعَظِيْمِ اَنْ يَّشْفِيَكَ

"અસ્અલુલ્લાહલઅઝીમ રબ્બલઅર્શિલ્અઝીમિ અય્યશ્ફિયક"

હુઝૂર (ﷺ) એ ઇરશાદ ફરમાવ્યો છે કે એને સાત વખત પઢવાથી મરીઝને શિફા થશે હા,અગર એનુ મોત જ આવી ગયુ હોયતો અલગ વાત છે.

(અઝ કિતાબ :- મોલાના હકીમ મુ. અખ્તર સા.દા.બ.)

(૩૩૫) હિકમત અને ચાતૃર્ય

હઝરત અબુ હુરૈરહ(رضي الله عنه) નોંધે છે કે રસુલે કરીમ(ﷺ) એ ફરમાવ્યું હિકમત (cunning) અને ચાતુર્ય (prudence,wisdom) મોમીનની ખોવાયેલ વસ્તુ છે જેને જયા પણ મળે તે તેનો વધારે હકદાર હોય છે (સુનને ઇબ્ને માજહ.૪૧૬૯)

અમેરીકન ડો.જિશાનુલ હસનને પૂછવામાં આવ્યું કે યુરોપ અને અમેરીકાના લોકો સાથે કામ કરવાથી કંઇ ખબર પડી કે તેમની સફળતાનું રહસ્ય શું છે? તે કેમ વિશ્વ પર રાજ કરે છે? એમણે જણાવ્યું કે, તેઓ શીખવાના ભુખ્યા છે,નવી વાત અને વસ્તુ, નવી આઇડિયા અને ઉપાયો તેમને જયાંથી મળે છે તેને તત્કાળ લઇ લે છે બલ્કે વર્તમાન વિશ્વના નિયમો મુજબ ગમે તે ભોગે એ નવા આઇડીયા કે શોધને ખરીદી ને એની પેટન્ટ પણ કરાવી લે છે.

હિકમતની વાત તો મુસલમાનની ગુમ થયેલ વારસો છે. બસ મુળ વસ્તુ પોતાનામા જે તે વસ્તુનો શોખ પૈદા કરવો તેમજ લગન અને ધુનથી કામ કરવું છે,દુન્યિાની જે કોમમાં આ વસ્તુ આવી ગઇ તે વિશ્વ પર રાજ કરશે.

(અલ બલાગ માસિક ગુજરાતી,જામેઆ...જંબુસર.)

(૩૩૬) રોઝી (livelihood) નો આદર (કદર)કરવી

સુન્નત પર અમલ કરવાનો તરીકો એ છે કે ખાધા પછી પ્લેટ સાફ ફરો અને ચા હોય તો પણ કપ પુરૂ (સાફ) કરી લો. જે લોકો છેલ્લે ચા નો એક ઘૂંટ છોડી દે છે અથવા ડ્રીંકસ પીએ છે તો એક ઘૂંટ છોડી દે છે આ દેખાડો છે - તકબ્બુર છે કે હું ઘણો મોટો રઇસ - માલદાર છું ભિખારી અને મોહતાજ નથી અને ન મખ્ખીચુસ છું, અરે ભાઇ ! તમે તો એટલા મોટા બેઅદબ છો કે અલ્લાહની નેઅમતને છોડી દો છો. એક તાબીઇએ સહાબાથી પુછ્યુ કે તમો લોકો જીહાદમાં ખજુરનો ઠળિયો ચુસી ચુસીને કેવી રીતે જીવન નિર્વાહ કરતા(પેટ ભરતા) હતા? તો તેઓ કહેવા લાગ્યાકે જયારે ખજૂરના ઠળિયા પણ ખલાસ થઇ ગયા ત્યારે ખબર પડી કે તેનાથી કેવી તાકાત મળતી હતી.આજે આપણે ચા કે કોલ્ડ્રીકસનો એક ઘુંટ છોડી આપીએ છીએ તે નેઅમતની નાકદરી છે જયારે રોજીના અનાદર ના વબાલ (નહુસત)ને કારણે રોઝીમા બરકત ઉઠી જાય છે ત્યારે એહસાસ થાય છે. એજ પ્રમાણે જયારે ખાવાનું દસ્તરખ્વાન પર આવી જાય તો ખાવાનું શરૂ કરી આપવું જાઇએ જેથી ખાવાનો અનાદર ન થાય. હુઝૂર (ﷺ) એ ફરમાવ્યુ છે કે રોટીની ઇઝઝત કરો કારણકે રોટીના અનાદરથી રોઝીની બરકત ઉઠી જાય છે. જેઓના ઘરોમાં રોટીના ટૂકડા આમતેમ પડેલા (રખડતા) હોય છે તો યાદ રાખો કે ખૂબજ જલ્દી આવો વ્યકિત મોહતાજ (કંગાલ) થનાર છે. અહી રોટીના ટૂકડાનો મતલબ દરેક ખાવા-પીવાની હલાલ વસ્તુઓ છે.

(અઝઃ સુન્નતો પર અમલકે સમરાત - ખાનકાહે ઇમદાદીયહ અશરફીયહ)

(૩૩૭) કુર્આન શું છે અને શું કહે છે?

કુર્આનશરીફ આસ્માની ગ્રંથ છે. અલ્લાહતઆલા તે બાબતે કુર્આનમાં ફરમાવે છે “અમોએ જ તેનું અવતરણ કર્યુ છે અને અમેજ તેની રક્ષા કરીશું,અને એ અલ્લાહતઆલાએ માનવસમાજને નામે કરેલ એક સંદેશ - એક ટપાલ છે જે માનવ જગત માટે એક જીવનશૈલી સુચવે છે,તેબાબતે પોતાનો પરિચય કરાવતા કુર્આન કહે છે..આ એક મહાન ગ્રંથ છે જેમા શંકાને કોઇ સ્થાન નથી જે સાવધ(alert) રેહનારાઓ માટે માર્ગદર્શક છે” (કુર્આનકરીમ) અન્ય એક જગ્યાએ અલ્લાહતઆલા સુચવે છે“આ એક મહાન ગ્રંથ છે,જે માનવ જગત માટે સાચો માર્ગ ચીંધે છે.”

અલ્લાહતઆલાએ સમગ્ર સૃષ્ટિના સર્જન તથા સંચાલનના અલગ અગલ સચોટ દ્રષ્ટાંતો દ્વારા ઠોસ એકેશ્વરવાદ (તોહીદ) રજૂ કર્યો છે, જીવનરૂપી મળેલી એ એક અણમોલ તકમાં આકાશીગ્રંથનુ અનુસરણ કરી પરલોકમાં સફળતા મેળવવાનું માર્ગદર્શન તથા આહવાન કરવામાં આવ્યું છે.

પૂર્વસમાજોમાંથી સફળ તથા નિષ્ફળ સમાજોની સફળતા તથા નિષ્ફળતાનું વર્ણન કરી તેઓની સફળતા તથા નિષ્ફળતાના પરિબળો ટાંકી તે બાબતે સાવધ (સાવચેત) રહેવા જાણાવવામાં આવ્યું. સફળ તથા નિષ્ફળ રહેલ લોકોની પરલોકમાં સ્થિતીનું વર્ણન કરવામાં આવ્યુ છે, પરલોકના બાગ – બગીચાઓ સુંદર મજાની વાડીઓ તથા અગનજવાળાઓનું પણ વર્ણન કરી આલોક કરતા પરલોકની સફળતા પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવા જણાવાયું છે. - જેથી આ બધી બાબતોનો સમજપૂર્વક અભ્યાસ કરી પોતાનું જીવન કુર્આનની જીવન શૈલી પ્રમાણે વિતાવવું અત્યંત જરૂરી છે.

(ઇસ્લામી સંશોધન અને પ્રકાશન કેન્દ્ર-મોડાસા)

(૩૩૮) સામાન્ય જીવનની સુન્નતો

(૧) આપ(ﷺ) જાઇઝ કામ માટે ના ન પાડતા હતા. જો કોઇ સવાલ કરતું (માંગતુ) અને તેનો સવાલ પુરો કરવાનો ઇરાદો થતો તો હા પાડતાં નહીતર ખામોશ રહેતાં. (૨) આપ(ﷺ) પોતાનો ચેહરો કોઇનાથી ન ફેરવતાં જયાં સુધી સામેવાળો ન ફેરવે. (૩) જયારે આપ(ﷺ) ડાબી કે જમણી તરફ જોતાં ત્યારે પુરો ચેહરો ફેરવીને જોતા, અભિમાની માણસની જેમ ત્રાંસી આંખે ન જોતા. (૪) વર્તણુકમાં સખ્તી ન કરતા બલ્કે નરમીને પસંદ ફરમાવતા. (૫) બધાની સાથે હળી-મળીને રહેતાં અલગ શાન બનાવીને ન રહેતાં બલ્કે કેટલાંક સમયે ગમ્મત પણ કરતાં. (૬) સમાજનાં સજજન અને પ્રતિષ્ઠિત માણસો સાથે ઇઝઝતથી વર્તણૂક કરવી. (૭) બિન મુસ્લિમ સજજનો જોડે પણ સદવર્તન કરે. (૮) પોતાના કામકાજમાંથી અમુક સમય અલ્લાહની ઇબાદત અને દીનની મેહનત માટે, અમુક સમય પોતાના ઘરવાળાઓના હકકો અદા કરવા માટે અને અમુક સમય પોતાના બદનની રાહત માટે ફાળવવો. (૯) પત્નિનું દિલ ખુશ કરવા તેની સાથે ગમ્મત કરવી, ગમ્મતની વાત કરવી પણ સુન્નત છે. (૧૦) પડોશીઓ સાથે એહસાન કરવું પોતાના તરફથી પડોશીને તકલીફ ન થાય તેની કાળજી રાખવી તેને સારી વાત કહેવી, નહી તો ખામોશ રહેવું. (બાકી..)

(૩૩૯) સામાન્ય જીવનની સુન્નતો

(૧૧) મોટાઓની ઇઝઝત કરવી, નાનાઓ પર શફકત (રહમ) કરવી, ઉલમાએ દીન નો એહતેરામ કરવો (૧૨) જેઓ દૂનિયાની રીતે કમજોર છે તેઓની મદદ કરવી. (૧૩) ગરીબ દીનદારોનો ખૂબજ ખ્યાલ કરવો (૧૪) પોતાના મુસ્લિમ ભાઇથી હસતાં મુખે મળવું સુન્નત છે. (૧૫) કોઇના મકાનમાં ઝાંખે નહી. (૧૬) જયારે બગાસું આવે તો મોઢુ બંધ કરી લે, પ્રયત્ન છતાં મોઢું બંધ ન થાય તો ડાબા હાથની પીઠ મોઢા પર મુકી દે (૧૭) જયારે છીક આવતી તો હાથ કે કપડું મોઢા પર મુકી દેતાં અને અવાજ ધીમો કરતાં.(૧૮) જયારે અનિચ્છિય/અપ્રિય હાલત ઉભી થતી તો આપ (ﷺ) اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى كُلِّ حَالٍ **“અલ્હમ્દુ લિલ્લાહિ અલા કુલ્લિહાલ”**ફરમાવતા. (૧૯) કોઇના ઘરે જાય તો પરવાનગી લઇને ઘરમાં દાખલ થાય (૨૦) હુઝૂરે પાક(ﷺ) પર દુરૂદ શરીફ પઢતા રહેવું. **(અઝ કિતાબ : મુસલમાનની સવાર-સાંજ સુન્નતોની રોશનીમાં-મોડાસા.)**

(૩૪૦) કુર્આનની આયત તથા અઝાનને મોબાઇલ રિંગટોન રાખવા વિષે

આ વસ્તુ પણ વધુ પ્રમાણમાં જોવામાં આવે છે કે લોકો ષવાબનું કામ સમજી મોબાઇલ રિંગટોનમાં કુર્આનની આયત,અઝાન અને એવી પંક્તિઓ્ જેમાં રસુલુલ્લાહ(ﷺ) ના વખાણ અને પ્રશંસા કરવામાં આવી હોય (નઅત શરીફ) ગોઠવે છે.

રિંગટોનનો હેતુ માત્ર આ વાતની ખબર દેવાનો છે કે કોઇ વ્યક્તિ તમારી સાથે વાત કરવા ઇચ્છે છે, અને આ હેતુ પુરો પાડવા માટે કુર્આન તથા અઝાનનો ઉપયોગ બેઅદબી અને અવિવેકી કૃત્ય છે. તે માટે તેનો ઉપયોગ ઉપરોકત હેતુ અને મકસદ માટે ઉલમાએ નાજાઇઝ લખ્યો છે.

અને અમુક વખત તો એવું પણ બને છે માણસ સંડાસમાં હોય અને ફોન આવવાથી ત્યાં રીંગ વાગવા માંડે છે જેમાં તેની ઘણી મોટી બેઅદબી છે.

કુર્આનનો અદબ, માન, મર્યાદા અને સન્માન જરૂરી અને વાજીબ છે તે માટે ઉપરોકત વાતથી બચવું ઘણું જરૂરી છે. (દીનકી બાતેં ઓર ઉનકા હલ,૩૫૦)

(૩૪૧) મકાતિબની અહમિયત

મકાતિબની સ્થાપનાનો મકસદ મુસ્લિમ બાળકોને લેખન,વાંચન,પઠન-પાઠન અને હિફ્ઝે કુર્આનની તાલીમ આપવાનો રહેતો હતોઃ ખુદ હુઝુરે અકરમ(ﷺ) એ બાળકો અને નવયુવાનોની તાલીમનો વિશેષ એહતિમામ (પ્રબંધ) અને ઇન્તિઝામ ફરમાવ્યો હતો,જેમકે આપ (ﷺ) એ બદ્રના મુશ્રિક કેદીઓની મુકિત દસ મુસ્લિમ બાળકોને લખવાનું શિખવાડવા પર મવકૂફ (નિર્ભર) રાખી હતી.

આજના નવહિલો જ ભવિષ્યના મહાપુરુષો અને ક્રાંતિકારી નાગરિકો છે. આ કારણે એમનું વૈચારિક, માનસિક અને નૈતિક લાલન-પાલન-પોષણ અને વિકાસ ઇસ્લામી રેખાઓ પર અને ઇસ્લામ ચિંધ્યા માર્ગે થવાં જરૂરી છે. એમના માટે એવો માહોલ પૂરો પાડવો અનિવાર્ય છે, જેમાં ખાલિસ ઇસ્લામી તહઝીબ (સંસ્કૃતિ)નો પ્રભાવ હોય તથા ઇમાનઘાતક અસરોથી તદ્દન પવિત્ર હોય. આ મકતબની તાલીમની આવશ્યકતા, અને મહત્તાને નઝર સમક્ષ રાખતા લોકો માટે જરૂરી છે કે : મુસ્લિમ જનસમુદાયની અવલાદને દીનીતાલીમ - મૂલ્યોથી સુસજ્જ કરવા માટે મુઅલ્લિમ (ઉસ્તાઝ) જે ઉજ્રત (વળતર) લઇને પઢાવે,નહિંતર લોકો જાહિલ અને નિરક્ષર રહી જશે. (તરબિયતુલ્ અવલાદ ફિલ ઇસ્લામઃ ૧/૨૯૧)

(સાભાર : દા.ઉ.માસિક - કંથારીઆ - ઓગષ્ટ : ૨૦૨૦)

(૩૪૨) મકાતિબની મહત્તા

ઇલ્મવાન અને બુદ્ધિશાળી લોકો આ વાતથી સારી પેઠે માહિતગાર છે કે બાળકના માસૂમ માનસપટ પર મકતબની તાલીમની કેટલી ઉંડી અસર થાય છે.આ દીની મકાતિબ નાનકડાં અને બચૂકડા બાળકો માટે માંની ગોદની જેમ એક દીની પારણાંની ગરજ સારે છે, અહિંયા તેમના માનસ અને દિલ-દિમાગ પર જે અસરો પડે છે તે પથ્થરની રેખાની જેમ મરણ શરણ થતાં સુધી દિલ-દિમાગ પર અને મન – મસ્તિષ્ક પર અંકિત થયેલી રહે છે. હઝ.હસન બસરી રહ.ફરમાવે છે ‘બાળપણમાં શીખેલી વાત અને બાળપણમાં લીધેલી તાલીમ પથ્થરની લકીર(line) સમાન હોય છે’ તેથીજ ઇસ્લામમાં બાળકોની તા'લીમ અને તરબિયત તરફ ધ્યાન આપવાની બહુ તાકીદ કરવામાં આવી છે, રસુલુલ્લાહ (ﷺ) એ ઇરશાદ ફરમાવ્યો “તમે પોતાના બાળકોને સર્વપ્રથમ‘લા ઇલાહ ઇલ્લલ્લાહ’ શિખવાડો અને મોતના સમયે કલિમ-એ-તય્યિબહની તલકીન કરો.”હઝરાતે સહાબ-એ-કિરામ વગેરે જયારે બાળક બોલવા માંડતું તો તેઓ એને ‘લા ઇલાહ ઇલ્લલ્લાહ’ સાત વાર પઢાવતા હતા.

કહેવાનું તાત્પર્ય આ છે કે બાળપણમાં ઇલ્મ ગ્રહણ કરવું પથ્થરની રેખા સમાન (ટકાઉ અને મજબૂત) બની જાય છે. જો બાળપણમાં બાળકોનો દીની સ્વભાવ બની જશે તો જીવનના પ્રત્યેક વળાંક પર તે દીનનો પાલવ પકડી અને સંભાળી રાખશે. કોઇ પણ પ્રસંગે અને ગમે તેવા કપરા સંજોગોમાં પણ તે દીનથી વિમુખ અને ગુમરાહ થશે નહી.

(સાભાર : દારૂલ ઉલૂમ ‘માસિક’કંથારીઆ, ૨૦૨૦)

(૩૪૩) મકાતિબની મહત્તા

હુઝૂર (ﷺ) ના જમાનામાં બાળકોની તાલીમનો ખાસ ઇહતેમામ કરાતો હતો અને તાલીમ આપનાર સજ્જનોને“મુકત્તિબ”કહેવામાં આવતા હતા.

લગભગ બધા ઉલમાએ કિરામ અને ફુકહાએ ઇઝામ એ પોતાની પ્રથમિક બુનિયાદી તા'લીમ આજ મકાતિબમા પ્રાપ્ત કરી છે. - સ્ત્રીઓએ પણ મકાતિબમાં તા'લીમ આપી છે અને આ ક્ષેત્રમાં પણ એમણે પોતાનું કર્તવ્ય સારી પેઠે નિભાવ્યું છે જેમ કે તાબિઇ હઝ.અ.રબિહ બિન સુલયમાન રહ.ફરમાવે છે કે “હઝ.ઉમ્મે દરદહ રદી. એ મને પોતાની તખ્તી (સ્લેટ) માં જે કાંઇ શીખવ્યું હતું એમાં આ (વાકય) પણ લખીને દીધું. - “હિકમત બાળપણથી જ શીખો અને મોટા થયા બાદ એના પર અમલ કરો, પ્રત્યેક (પાક) લણનાર વ્યકિત પોતે વાવેલી પોતે રોપેલી ભલાઇ યા બુરાઇ ને લણે છે. - હઝ.મવ.અલીમિયાં નદવી રહ.એ ફરમાવ્યું “જો કોઇ મા-ની ગોદમાંથી બાળક છીનવી લેવામાં આવે તો હાહાકાર અને ધમાચકડી મચી જાય છે,લોકો દોડાદોડ કરી મુકે છે,સમગ્ર વસ્તીમાં કોલાહલ વ્યાપી જાય છે અને એવો ભયાનક માહોલ નિર્માણ થઇ જાય છે કે કયાંક ફસાદ ન થઇ જાય. અત્યારે વર્તમાન સમયમાં મુઅમિન જનેતાઓની ગોદમાંથી અત્યંત શાંતિ અને સંતોષ સાથે બાળકો છીનવી લેવામાં આવે છે, પરંતુ આપણને તેનો એહસાસ પણ નથી (અર્થાત મુસલીમ બાળકોનું ઇમાન ઘાતક વિવિધ સ્કીમો અને તરકીબો દ્વારા બ્રેઇન વોશિંગ અને માનસ પરિવર્તન કરીને મુઅમીન જનેતાઓની ગોદમાંથી તેમના બાળકોને છીનવી લેવામાં આવે છે અને આપણને તેનું શાનભાન પણ નથી.)(તકબીરે મુસલસલ: ૩૮૩, મકાતિબકી અહમિયત અકાબિરે ઉમ્મતકી નઝરમેં:૧૦) (દારૂલ ઉલૂમ ‘માસિક’કંથારીઆ, ૨૦૨૦)

(૩૪૪) મકાતિબની મહત્તા

ઇમામ માલિક રહ.ની મજલિસમાં મકતબના બાળકોના મુઅલ્લિમ અને મુઅદ્દિબ (અદબ શિખવનાર) ઉપસ્થિત હતા. તેમણે કહ્યુ હું તાલીમ આપવા બદલ વેતન અને વળતર લેવાની શર્ત લગાડવાનું પસંદ કરતો નથી પરંતુ લોકોનો હાલ આ છે કે તેઓ મને કશુંજ આપતા નથી, તાલીમ સિવાય મારી બીજી કોઇ પ્રવૃત્તિ નથી (આવકનુ કોઇ સાધનકે માધ્યમ નથી)આ કારણે બાલ બચ્ચાની જરૂરિયાત પૂરી કરવામાં સખત પરેશાની - કષ્ટ અને બિટંબણાનો સામનો કરવો પડે છે. તે સજ્જનની આવી વાતો સાંભળીને ઇમામ માલિક રહ. એ ફરમાવ્યું કે “જાવ તા'લીમ પર વેતન અને વળતર લેવાની શર્ત લગાવો અને પહેલેથી જ મામલો નક્કી કરી લો.”

ઇમામ માલિક રહ.એ ફરમાવ્યુંકે ‘હાં, જો આવું ન હોય, એટલે કે તા'લીમ આપનારને વેતન અને વળતર આપવામાં ન આવે તો પછી આપણા બાળકોને કોણ તા'લીમ આપશે, આપણા બાળકોની કોણ ઇસ્લાહ કરશે તથા એમને અદબ અને અખ્લાક કોણ શિખવાડશે?

પરંતુ આ હકીકત યાદ રાખવી જોઇએ કે દુનિયા તનખ્વાહ મળવાની જગ્યા છે (એટલે કે તન જેટલુ ચાહે એટલુ મળવાની જગ્યા છે) મનખ્વાહ (મનની ઇચ્છા મુજબ) મળવાની જગ્યા નથી. પૈસાના ત્રાજવામાં ઇલ્મને તોલનાર ઉસ્તાદ પોતાના ઇલ્મનું અપમાન (અવમૂલ્યાન) કરી રહયો છે.

(દારૂલ ઉલૂમ ‘માસિક’કંથારીઆ, ૨૦૨૦)

(૩૪૫) સમયની પાબંદી

હઝરત અલ્લામહ બલ્યાવી રહ.એ દારૂલ ઉલૂમ દેવબંદ માં ૪૦ વર્ષ સુધી મુસ્લિમ શરીફ પઢાવી. એક પ્રસંગે ફરમાવ્યુંકે “ મોલ્વી સાહેબ! આ મદ્રસાવાળાઓ અમને જે પગાર આપે છે તે પઢાવવાનો નથી તેનો સવાબ તો અલ્લાહતઆલા આપશે” તમે મકતબમાં અહસનુલ કવાઇદ, નૂરાની કાઇદહ,પારએ અમ્મ તથા કુર્આનશરીફ પઢાવી રહયા છો અને તમને પગાર મળે છે તો આ પઢાવવાનો પગાર નથી, તેનો સારો બદલો તો અલ્લાહજ આપશે.કુર્આન શરીફ પઢાવવાનું મહેનતાણું કઇ કમીટી તમને આપી શકે છે? તેમની શકિત બહારની વાત છે. આ જે પગાર મળે છે તે અમુક સમય સુધી મસ્જીદ કે મદ્રસામાં રોકાવવાનો પગાર મળે છે. આપણે પોતાની ઉપર પાબંદી લાદી રહયા છીએ કે સાત વાગ્યા થી દસ વાગ્યા સુધી મદ્રસામાં રોકાવવાનુ છે. તો આ વેતન આટલા સમય સુધી રોકાવવાનું છે જો પાંચ મિનીટ પણ મોડા આવે તો લખી લઇ પછી આખા મહીનાની ગણતરી કરી એટલો પગાર કપાવી લેતા એટલેજ આપણા અકાબિર (વડીલો) ફરમાવે છે કે કોઇ ઉસ્તાદ માટે જાઇઝ નથી કે તે મદ્રસાના કોઇ મહેમાન સાથે બેસી વાતો કરતો રહે,આપણે કહી શકીએ છે “ભાઇ આ મદ્રસાનો ટાઇમ છે તમે કોઇ બીજા સમયે આવો કંઇક ખોટુ લાગ્યું હોય તો માફ કરજો” આ સમય અલ્લાહતઆલાની અમાનત છે સમયની પાબંદી ન સ્વીકારવી એ અપ્રમાણિકતા છે. (મકતબની તાલીમ કેવી રીતે મજબૂત થાય ? - હઝ.મવ.અબ્દુલ્લાહ કાપોદ્રવી સાહબ રહ.)

(૩૪૬) મસ્જિદોની આબાદી મકાતિબ વિના શકય નથી

હઝરત મવ. અલીમિયાં નદવી (રહ.) એ ફરમાવ્યું કે આપણું કામ ત્યાં સુધી સંતોષકારક નહી થશે જયાં સુધી મુસ્લિમો પોતાના બાળકોની તઅલીમને તેમના ખાવા અને દવાથી પણ વધારે અગત્યનું ન સમજે તથા દીની મકતબ અને મદ્રસાને એટલાજ ઉત્સાહ અને શોખથી કાયમ ન કરે જેટલા ઉત્સાહ અને જઝબા સાથે મસ્જિદો બનાવે છે. કારણકે આ મસ્જિદોની આબાદી મકાતિબની આબાદી વિના શકય નથી. જયાં સુધી આ (મકાતિબ) તરફ આપણે ધ્યાન આપવાને અને ખર્ચ કરવાને સૌથી અગાત્યની અને પવિત્ર ફરજ ન સમજીશું અને જયાં સુધી તેમાં સિદ્દીકી ઉત્સાહ અને ઉસ્માની તત્પરતાની સાથે ભાગ ન લઇશું, જયાં સુધી આપણે આ માટેના પ્રયત્નોને ઇબાદતનો દરજો નહી આપીએ ત્યાં સુધી આપણુ કામ અને પરિણામ સંતોસકારક રહેશે નહી. (હફ્ત રોઝહ નવેદે શમ્શ, માલેગાવ.૪-નવે.૨૦૧૧)

(૩૪૭) ફિત્ના-ફસાદથી હિફાઝતનો આસાન અમલ

મિશ્કાત શરીફની હદીસ છે હઝ.અબ્દુલ્લાહ ઇબ્ને ખુબેબ (ﷺ) ફરમાવે છે કે “મદીનહમાં વરસાદ પડી રહયો હતો, અંધારી રાત હતી અને હમો હુઝુર(ﷺ) ને શોધી રહયા હતા એક જગ્યાએ આપ(ﷺ) અમને મળી ગયા, આપ સલ(ﷺ) એ ફરમાવ્યું આ અમલ કર્યા કરો એ તમને દરેક તકલીફ પહોંચાડનાર વસ્તુથી હિફાઝત માટે કાફી છે અને તે અમલ આછે કે સવાર-સાંજ ત્રણ વાર સુરએ ઇખ્લાસ, ત્રણ વાર સુરએ ફલક, ત્રણ વાર સુરએ નાસ પઢી લ્યો (એટલે કે ફજર અને મગરીબ પછી)આ તમને દરેક તકલીફ પહોચાડનાર વસ્તુથી હિફાઝત માટે કાફી છે એની બરકતથી ઇન્શાઅલ્લાહ જીન્નાત, શૈતાન, ગુંડાઓ, ડાકુઓ, ચોરોથી હિફાઝત થશે અને તમો પઢયા કરો ઘણો ફાયદા કરક અમલ છે.

એક દોસ્તના ત્યાં ડાકુ આવ્યા એ-અને એમના બીવી-બચ્ચાઓ આ અમલ સવાર-સાંજ પઢતા હતા ડાકુ એ એમને ગોળી મારવાની ઘણી કોશીશ કરી પરંતુ તે કામિયાબ ન થયા, જયારે ડાકુએ ફાયરીંગ કર્યુ તો ગોળી દિવાલમાં લાગી, તે ડાકુ બેહોશ થઇ ગયો અને એને પકડી લીધો.

આ ત્રણ કુલનો અમલ બધા લોકો આજથી જ શરૂ કરીદો, બચ્ચા બચ્ચા પાસે પઢાઓ, જે બચ્ચુ પઢી શકતુ હોય, અલ્લહતઆલાની ખાસ હિફાઝત પ્રાપ્ત થઇ જશે ગુનાહોના કારણે જે વબાલ આવી રહયો છે દિલથી ઇસ્તિગફાર અને તૌબા કરો.

اَستَغفِرُ اللهَ رَبِّي مِن كُلِّ ذَنبٍ وَّاَتُوبُ اِلَيهِ

વધુ પઢયા કરો- આ બધુ આપણા ગુનાહોનો વબાલ છે. (કરામતે તકવા) અઝ: કશ્કોલે મુઅરિફત, ખાનકાહે ઇમદાદિયહ અશરફીયહ.)

(૩૪૮) માહે રબીઉલ અવ્વલ :

આ ઇસ્લામી વર્ષનો ત્રીજો મુબારક મહીનો છે,જેમાં આખરી નબી હઝ.મુહંમદ મુસ્તુફા સલ.નો જન્મ મક્કા મુકર્રમહમાં થયો, અને આ વસ્તુ તઅજ્જુબની છે કે આપ સલ.નો જન્મ પણ આજ દિવસે અને વફાત પણ આજ દિવસે થઇ. હઝ.ઇબ્ને અબ્બાસ રદી. ફરમાવે છે કે આપ સલ.ની વિલાદત સોમવારના દિવસે થઇ, અને સોમવારના દિવસે જ હિજરતના વખતે મદીના મુનવ્વરહમાં દાખલ થયા, અને સોમવારના દિવસે જ આપ સલ.ને નબુવ્વતનો તાજ પહેરાવવામાં આવ્યો, અને સોમવારના દિવસે જ વફાત પણ થઇ. આપ સલ.એ એટલાજ માટે સોમવારના દિવસની ફઝીલત બયાન ફરમાવી છે.

આ મહિનાની ઇસ્લામમાં ખાસ ફઝીલત છે અને તે ખાસ ફઝીલત હુઝૂર સલ.નું આ દુનિયામાં તશરીફ લાવવું છે. આપ સલ.નું તશરીફ લાવવું દુનિયાની ખુશીનો સબબ છે અને આ મહીનો ઘણોજ નૂરાની છે. (અઝ કિતાબ:- બારહ મહીનેકે ફઝાઇલ, પ્રકાશક:- દા.ઉ કંથારીઆ-ભરૂચ)

(૩૪૯) હુઝૂર સલ.ની મુબારક સીરત

ઇ.સ ૫૭૧:- જન્મ મુબારક મક્કહ મુર્રમહમાં ૧૨ રબીઉલ અવ્વલ- ૨૨ એપ્રિલ સોમવારે થયો.

ઇ.૫૮૩:- ૧૨ વર્ષની ઉમરથી અનેક વાર શામ (સીરીયા)નો વેપારી સફર ફરમાવ્યો.

ઇ.સ ૫૯૫:- ૨૫ વર્ષની ઉમરે હઝ. ખદીજહ રદી. સાથે નિકાહ થયા. (આપ સલ.ના ઉચ્ચ અખ્લાક, સચ્ચાઇ, અમાનતદારી, વ્યવસ્થિત કાર્યશૈલી (of good disposition) થી પ્રભાવિત થઇ આપે મક્કાના મોટા મોટા સરદારોના પ્રસ્તાવ રદ કરી દરખાસ્ત રજૂ કરી હતી.હઝ.ખદીજા રદી.એ પોતાની બધી દોલત અને ઝેવર અલ્લાહના માર્ગમાં અને દીન માટે કુરબાન કરી આપ્યા હતા.)

અવલાદ:- (પુત્રો) હઝ.કાસિમ ﷺ, હઝ.અબ્દુલ્લાહ ﷺ, હઝ.ઇબ્રાહીમ ﷺ. (દીકરીઓ) હઝ.ઝયનબ, હઝ.રૂકૈયહ, હઝ.ઉમ્મે કુલસુમ, અને હઝ.ફાતિમહ રદી...

ઇ.સ ૬૧૦:- ૪૦ વર્ષની ઉમરે પ્રથમ વહીનો નુઝુલ ગારે હિરામાં થયો.

ઇ.સ ૬૨૦:- મેઅરાજનો મુબારક સફર

ઇ.સ ૬૨૨:- ૫૩ વર્ષની ઉમરમાં મદીના મુનવ્વરહની હિજરત ફરમાવી. (હીજરી સન ૧)

ઇ.સ ૬૩૦:- મક્કહનો વિજય – મુસલમાનોની જીત

ઇ.સ ૬૩૨:- હજ્જતુલ વિદાઅ અદા ફરમાવ્યો.

ઇ.સ ૬૩૨:- મદીના મુનવ્વરહમાં વફાત થઇ.

(૩૫૦) માહે રબીઉલ અવ્વલ :

અકસર લોકો રબીઉલ અવ્વલના મુબારક મહીનામાં ઝિક્રે મીલાદ શરીફનો પ્રબંધ રાખે છે, અને બારમી તારીખને ખાસ કરીને મનાવવામાં આવે છે, અમૂક લોકો તો વફાતે નબી સલ.ના કારણે માતમ મનાવે છે અને અમુક લોકો તો વિલાદે નબી સલ.ના કારણે ઇદનો દિવસ પણ ગણે છે, પરંતુ શરીઅતમાં આ બધા કારણોને લીધે ઇદે મિલાદ મનાવવું જાઇજ નથી, ચાહે આ મહીનામાં હોય અથવા બીજા કોઇ પણ મહીનામાં.

રબીઉલ અવ્વલના મુતઅલ્લીક કોઇ ખાસ અમલ પણ હદીસમાં આવ્યો નથી, અને આ દિવસને માતમ અથવા ઇદ મનાવવું જાઇઝ નથી.

રસૂલુલ્લાહ સલ.એ પોતે ફરમાવ્યું છે કે આપણને અલ્લાહતઆલાએ બે ઇદો આપી છે.

માટે જેટલા અહકામ રસૂલુલ્લાહ સલ.એ ફરમાવ્યા છે એ અહકામનું પાલન કરવું એ આપ સલ.ની તાકીદ છે, ચાહે આ અમલ રોઝાની શકલમાં હોય અથવા નમાઝની સુરતમાં હોય અથવા ઝકાત સ્વરૂપે હોય, માટે જેટલા પણ અમલ છે બધાજ રસુલૂલ્લાહ સલ.ના ફરમાનના મુતાબીક છે એના ઉપર તે પ્રમાણેજ અમલ કરવો જરૂરી છે. (હુકુક વ ફરાઇઝ :- ૪૭૪)